Ekatra Foundation

વર્ષ ૩ । અંક ૧૮ । જૂન ૨૦૧૬

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક

રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન સલાહકાર અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન


**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

135 Tradition Pkwy, Flowood, MS 39231 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org


- **મુદ્રણ-અંકન (ટાઇપસેટ): વિભા સોની**
- **ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ**
- **લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની**

અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી ‘સંચયન’ સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક ‘સંચયન’ દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન’ માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન’માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

## સંચયન ૧૮

## અ નુ ક્ર મ


૧ સંપાદકનું કથન // રમણ સોની

૬ અનુસ્વાર-અષ્ટક // સુંદરમ્

૧૦ કાવ્યસપ્તક // કૃષ્ણલાલ શ્રીધરાણી // કવિતા

૧૬ નાગરિકા // સુંદરમ્ // વાર્તા

૨૬ આધી ઘડી // રમણીક સોમેશ્વર // કવિતા

૨૭ હીરોશીમા // ઉમાશંકર જોશી // પ્રવાસ

૩૨ ડામચિયો // રતિલાલ અનિલ // હળવો નિબંધ

૩૪ ઘરની વિદાય // મીના દવે // લલિત નિબંધ

૩૭ ફળ // હેમંત ધોરડા // કવિતા

૩૯ અનોખા પ્રયોગો // પ્રકાશ આમટે, અનુ. સંજય ભાવે // આત્મકથા

૪૬ આ અંકના લેખકો


### ચિત્રો


Katie Daisy ૯, ૧૫, ૩૧, ૩૬, ૪૭

Tiffanie Turner ૧૪, ૨૫, ૩૦, ૩૩

# સંપાદકનું કથન

## ભાષા –બોલવી અને લખવી

ગયા અંકમાં સ/શ-ના ઉચ્ચારોની તકલીફ વિશે લખ્યું એના ઘણા પ્રતિભાવ મળ્યા — ખાસ તો વિદેશમાં વસતાં મિત્રોએ લખ્યું કે, સાચી વાત છે, આવાં બહુ ઉચ્ચારણો કાને પડે છે ને અકળાઈ જવાય છે.

બોલાતી ભાષામાં બીજી ભાષાઓના કેટલાક શબ્દો પ્રવેશે એ તો જાણે કે ઠીક, અંગ્રેજી અને હિંદી બધે સતત સંભળાતું હોય ત્યારે ગુજરાતીમાં એના પ્રચલિત શબ્દોનો પગપેસારો થવાનો – અમુક અંશે પહેલાં પણ થતું હતું. પણ હવે તો પરિસ્થિતિ બહુ વણસી ગઈ છે. ગુજરાતી પર અંગ્રેજી શબ્દોનો, તથા ટીવી સિરિયલો ને હિંદી ફિલ્મોને કારણે હિંદી-ઉર્દૂના શબ્દોનો જાણે કે મારો ચાલ્યો છે. અંગ્રેજી માધ્યમની નિશાળો પૂરની જેમ ફરી વળી છે એટલે નિશાળમાં પેસતાંવેંત ગુજરાતી બાળકનાં કાન-જીભ અંગ્રેજીથી ઘેરાઈ જાય છે. સ્કૂલમાં પરપ્રાન્તનાં સહાધ્યાયીઓ હોય એ વાતવાતમાં અંગ્રેજીમિશ્રિત હિંદી બોલતાં હોય એટલે ગુજરાતી બાળકના કાન એનાથી પણ પવિત્ર થતા જવાના!

યુવાન પેઢીનાં માબાપ પણ ક્યાં ઓછાં ઊતરે એવાં છે! એ પણ અંગ્રેજીથી ઘાયલ છે – જેમને અંગ્રેજી સરખું આવડે છે એ પણ, અને જેમને નથી આવડતું એ પણ એનું વશીકરણ અનુભવે છે. બાળકોની કારકિર્દીનો વિજયસ્તંભ, બધાંની દૃષ્ટિએ, માત્ર ને માત્ર અંગ્રેજીનો જ બનેલો છે – એ કટાક્ષ નહીં પણ બૂરી વાસ્તવિકતા છે. અને અંગ્રેજી બોલવા-વાંચવા-ભણવાની તો ક્યારેય ના ક્યાં છે, કે હતી ! પણ ગુજરાતીને હડસેલીને કે સાવ ખસેડી દઈને અંગ્રેજીની સ્થાપના, અને ખાસ તો બોલચાલમાં પણ ગુજરાતીનું આ કચ્ચરઘાણ એ તો નર્યું વિચિત્ર જ લાગે છે.

ભાષાનું કેવું  છે કે, પોતાના શબ્દભંડોળ પર એ આક્રમણ થવા દે છે પણ વાક્યની રચના પર, ક્રિયા-પદો ને પ્રત્યયો પર તો એનું આધિપત્ય  રહે છે — હું સોચું  છું, હું  થિન્કું છું  એમ બોલાય ત્યારે, કે પછી 'ગંભીરતા'ને બદલે ક્યારેક 'સિરિયસતા' બોલાતું હોય ત્યારે પ્રત્યયો ભાષાબંધને છોડતા નથી હોતા – તો જ એ, 'અંગ્રેજી-હિંદીના કચુંબર જેવું પણ 'ગુજરાતી' બોલે છે' એમ કહેવાય ને? પણ, ઘણા જ અંગ્રેજી શબ્દોનો ભાર ખેંચીખેંચીને આ પ્રત્યયો ઢસડાતા રહે ત્યારે એ પ્રત્યયો પર પણ શું ક્યારેક ઘસારો પડવાનો? 'ભજિયું'નું બહુવચન 'ભજિયાં' થાય એને બદલે 'ભજીઝ' થાય તો? આપણા બકુલ ત્રિપાઠી જેવાહાસ્યલેખકોએ એ શબ્દ રમૂજમાં વાપર્યો હતો એ તો થોડાક નાસમજ બેવકૂફો પર કટાક્ષ કરવાના ઇરાદે. પણ પછી ધારો કે બધા જ 'ભજીઝ' બોલતા થઈ  જાય તો?! જો કે બહુવચનનો પ્રત્યય આક્રમણયોગ્ય છે, પણ એવું ક્રિયાપદના પ્રત્યય વિશે થવું આજે તો અશક્ય લાગે છે. પણ મને એક બાબત યાદ આવે છે : 'ભદ્રંભદ્ર' નવલકથામાં એક અતિ-સંસ્કૃતમય ઠઠ્ઠા-વાક્ય ભદ્રંભદ્રના મુખમાં મુકાયેલું છે કે, 'મારું બલમ્ વાચાયામ્ છે.' ત્યારે ગુજરાતી ભાષાના બંધારણ પર જ આક્રમણ થયાનો કટાક્ષ લેખકને ઉદ્દિષ્ટ છે.

અંગ્રેજી માધ્યમમાં ભણતાં ગુજરાતી બાળકો માટે, આપણા શિક્ષણજગતની ને ખાસ તો સરકારોની અસહ્ય ઉપેક્ષાને કારણે — ગુજરાતી લિપિનો દરવાજો જ પહેલાં તો બંધ થયો છે કે થવામાં છે. એટલે આ નવીનતમ પેઢી માટે ગુજરાતી વાચનની દિવાલ પણ ધસી પડી કે પડવામાં છે. એ  વાત પણ ક્યારેક કરવા જેવી છે.

○

પરંતુ આપણે હમણાં તો એવા વર્ગ પર કેન્દ્રિત થઈએ જે ગુજરાતી વાંચે-લખે છે, ગુજરાતી ભણે-ભણાવે છે. એમનેય ગુજરાતી લેખનમાં કેટલીક મુશ્કેલીઓ છે. હ્રસ્વ-દીર્ઘ ઈ-ઉ વાળી જોડણીની વાત પછી ક્યારેક કરીશું પણ આજે સૌથી મોટો પ્રશ્ન અનુસ્વારનો છે – અનુસ્વાર ક્યાં આવે ને ક્યાં ન આવે એ વિશે ઘણા શિક્ષકો-અધ્યાપકો-લેખકોસુધ્ધાંને ઝાઝી ખબર નથી – એ વિશે એ બેપરવા કે ઉદાસીન છે. અલબત્ત, કેટલાક મૂંઝવણમાં પણ છે. એમને ખરું શું છે તે જાણવું છે.

અનુસ્વારના નિયમો વિશે પણ હવે લખીશું  કે કોઈ અભ્યાસી પાસે લખાવીશું. પણ હાલ તો કવિ સુંદરમે ઘણાં વર્ષો પહેલાં લખેલું 'અનુસ્વાર અષ્ટક' અહીં મૂકીએ છીએ. કાવ્યમાં ગમ્મત પડે એવું પણ છે ને અનુસ્વાર-મહિમા પણ એમાં થયો છે. અનુસ્વાર-માર્ગદર્શન પણ એમાં મળે છે. તો,  વાંચીએ. ફરી મળીશું ત્યારે આગળ વાત કરીશું.

રમણ સોની

# અનુસ્વાર - અષ્ટક
## (હરિગીત છંદ)

### સુંદરમ્

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર–શું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્ર–શું ;
મુજ સ્થાન ક્યાં, મુજ શી ગતિ, જાણી લિયો રસ પ્રેમથી,
તો સજ્જ બનશો જ્ઞાનથી, સૌંદર્યથી ને ક્ષેમથી. ॥ ૧ ॥

તો પ્રથમ જાણો 'હું' અને 'તું' માં સદા મુજ વાસ છે.
આ જ્ઞાન વિણ હુ હુ અને તુ તુ સમો ઉપહાસ છે;
હું 'કરુ' - વાંચુ - લખુ' જો જો એમ લખશો લેશ તો,
મા ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો! ॥ ૨ ॥

નરમાં કદી નહીં, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી બહુવચનમાં માનવંતું પદ ગ્રહું;
'બા ગયાં', આવ્યાં બહેન મોટાં, એમ જો ન તમે લખો,
'બા ગયા', આવ્યા બ્હેન મોટા' શો પછી બનશે ડખો ! ॥ ૩ ॥

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી;
ને સૌ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને. ॥ ૪ ॥

શું ફૂલ પેલું શોભતું ! – જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શાં ફૂલ પેલાં શોભતાં !' – બહુવચનમાં વાણી કરો;
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને,
'બમણાં' અને 'તમણાં' પછી 'અણગણ્યાં', કોણ કહો ગણે? ॥ ૫ ॥

ને બંધુ પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા.
ને 'ઝાડા ઊંચા' પર ચડો તો ના મને ગબડાવતા,
'બકરા' અને 'બકરાં' 'ગધેડા ને ગધેડાં' એક ના,
'ગાડાં અને 'ગાંડાં' મહીં જે ભેદ ભૂલો છેક ના. ॥ ૬ ॥

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લૈ જતા ન કૃપા કરી,
નરજાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી;
કો મલ્લને એવું કહ્યું જો 'ક્યાં ગયાં તાં આપ જી?'
જો જો મળે ના તરત મુક્કાનો મહા-સરપાવ જી. ॥ ૭ ॥

તો મિત્ર, મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને ના સ્વપ્નમાંયે વિસ્મરો;
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ઠરું,
અજ્ઞાનમાં પણ ડંખું – કિંતુ એ કથા નહીં હું કરું. ॥ ૮ ॥

(દોહરા)

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ,
પ્રેમ થકી પાકું ભણો, પામો સિદ્ધિ તમામ; ॥ ૯ ॥

છાપે છાપે છાપજો, પુસ્તક પુસ્તક માંહ્ય
કંઠ કંઠ કરજો, થશે શારદમાત સહાય. ॥ ૧૦ ॥

પાક્કો એનો પાઠ જો કરવાને મન થાય
સૂચન એક સમર્પું તો, કમર કસી લો, ભાઈ. ॥ ૧૧ ॥

નકલ કરો અષ્ટક તણી, એકચિત્ત થૈ ખાસ,
અનુસ્વાર એંસી લખ્યાં પૂરાં, તો બસ પાસ. ॥ ૧૨ ॥

○

## (હવેની વાત કૌંસમાં એટલે કે કાનમાં)

અનુસ્વાર-અષ્ટક વાંચ્યું, ને એની મજા પડી તો હવે ખાનગીમાં થોડુંક પોતાનું 'સ્વયં પરીક્ષણ' કરી લઈએ?

ક. નીચેનાં વાક્યોમાં, જરૂરી હોય ત્યાં અનુસ્વાર મૂકીએ?

૧. પરિષદ-પરિવારમા ઘણા નવા ચહેરા દાખલ થાય છે.

૨. આ મકાનને કેટલા માળ ને કેટલા પગથિયા છે?

૩. એમણે કાણા ખિસ્સામાંથી ઘડિયાળ કાઢ્યુ ને થેલામા મૂક્યુ તો એ કાણા થેલામાથી રસ્તામા પડી ગયુ!

૪. 'અમે સૌ ભાઈ-બહેનો વર્ગમા બેઠા છીએ'– સુરેશભાઈ બોલ્યા.

૫. અમે સૂતા ઝરણાને જગાડ્યુ, ઉછીનુ ગીત માગ્યું.

ખ. નીચેનાં વાક્યોમાં, જ્યાં વધારાનાં અનુસ્વારચિહ્નો છે તે રદ કરીએ?

૧. સહુંને મુંજ અંતરે ધરું, સહુંને અંતર હુંય વિસ્તરું.

૨. મારી વાત સાંભળીને રમેશભાઈ પણ પ્રસન્ન થયાં હતાં ને એમનાં બહેન પણ પ્રસન્ન થયાં હતાં.

૩. 'સંચયન'નાં એકથી બત્રીસ પાનાંની લીટીઓ ગણો અને એનાં બત્રીસમાં પાનાંનાં શબ્દો કેટલાં છે તે કહો.

૪. એમણે મોટાં ગજાંનાં કવિઓનાં ગીતો રસ લઈને સ્વરબદ્ધ કર્યાં છે.

૫. તેનાં સાસુ-સસરા આવ્યાં પણ તેનાં દિયર-જેઠ કેમ ન આવ્યાં?

ગ. નીચેનાં વાક્યોમાં, મૂકવાં જોઈએ ત્યાં અનુસ્વારચિહ્નો મૂક્યાં નથી; ન મૂકવાં જોઈએ ત્યાં મૂક્યાં છે – એ સુધારી લઈએ?

૧. આ બે એમનાં દીકરા? તો એમનાં બીજા સંતાનો ક્યાં રહ્યાં?

૨. દેહ દાતણના જેવો, મન મર્કટનાં સમુ.

૩. જેવી તમારાં જલમાં વનશ્રી, એવી જ મારા ઉરમાં કુલશ્રી.

૪. નીતિનભાઈ સારાં તો એમના કાવ્યો પણ સારાં.

૫ અધ્યાપક વર્ગમા દાખલ થાય એ પહેલાં એણે પોતાનાં ઉચ્ચાર અને સજ્જતા કેળવી લેવા જોઈએ.

**[એક નોંધ :–**

**નાંખ, નિંદ્રા, નિમણૂંક, નિષ્ણાંત, પ્રિયવંદા, વાંચન, સન્યાસ, સબંધ, સાનિધ્ય..... એમ નહીં, પણ –**

**નાખ, નિદ્રા, નિમણૂક, નિષ્ણાત, પ્રિયંવદા, વાચન, સંન્યાસ, સંબંધ, સાંનિધ્ય(સાન્નિધ્ય)... આમ. ]**




*By Katie Daisy*

Illustrator Katie Daisy was raised among the wildflowers and grew up with a deep appreciation for the natural world. This love for warm breezes, feathered friends, and green meadows has stayed with her into adulthood, and she infuses the same liveliness and vibrant colors into everything she creates.

Daisy pairs the great outdoors with short quotes and mantras to inspire our everyday lives—even if you're stuck inside for most of the day. She surrounds hand-lettered phrases by late-greats Gandhi, Oscar Wilde, Monet, Van Gogh and Dalai Lama with gorgeous painted floral wreaths. Together, they communicate sentiments of hope and love while offering a powerful reminder to be our true selves.

# કાવ્યસપ્તક

## કૃષ્ણલાલ શ્રીધરાણી

સુન્દરમ્-ઉમાશંકરના સમોવડિયા કવિ **કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણી(૧૬, સપ્ટેમ્બર ૧૯૧૧ –૨૩ જુલાઈ ૧૯૬૦)** માત્ર ૨૩ની વયે અમેરિકા ગયા ત્યાં સુધીની એમની કવિતા માટે ત્યારના વરિષ્ઠ કવિ-વિવેચક બલવંતરાય ઠાકોરે કહેલુંકે, 'શ્રીધરાણીની ઉત્તમ કૃતિઓની ભાષા અને કલા આપણને કોઇક રીતે સુંદરમ્ કે ઉમાશંકર કરતાં જુદી અને ચડિયાતી લાગે છે.' ૧૨ વર્ષે અમેરિકાથી પાછાઆવીને એમણે જે કવિતા લખી તે આધુનિકતાના નવા વિશિષ્ટ સ્વાદવાળી હતી. નીચેનાં ૭ કાવ્યોમાં છેલ્લાં ૩માં એ આધુનિક સ્પર્શ જોઈ શકાશે. માત્ર ૪૯ની ઉંમરે એમનું અવસાન થયું ત્યાં સુધીમાં ઉત્તમ કવિ અને વિચારક તરીકે એમની ઊંચી પ્રતિભા નીખરી ઊઠી હતી. 'કોડિયાં', ૧૯૩૪ અને સંવર્ધિત ૧૯૫૬ તથા 'પુનરપિ', ૧૯૬૧(મરણોત્તર) એમના જુદી જુદી મુદ્રાવાળા બે કાવ્યસંગ્રહો.



સંધ્યાની સોનેરી ભાત
ઝાંખી થાતાં ઊગે રાત;
ઊઘડ્યાં એ હૈયાનાં દ્વાર,
કવિતા શો થાતો ચમકાર.
ચળકે શુક્ર.

રાત્રિનો મોતીશગ થાળ,
હીરા મોતી  ઝાકઝમાળ;
સુરસરિતાની રેતી ઘણી,
કોણ બધામાં પારસમણિ?
ઝળકે શુક્ર.

ઉષા તણી નથડીનું નંગ,
સ્નેહ સરીખડો તેનો રંગ.
મલકે શુક્ર.

*૨૧-૧-૧૯૨૮; 'કોડિયાં', ૧૯૩૪*

## સર્જકશ્રેષ્ઠ આંગળાં

'બેટા! અહીં એ છરી કાં ન આણે?'
વદી ફરી વૃદ્ધ નમી ઊભો થયો;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે,
ધરી ભીનાં નેન નીચાં, શમી ગયો.

ત્રિભંગથી સ્હેજ છટા પ્રસારી;
ભરી બધે સ્વાંગ સુવર્ણ રંગના.
સંધ્યા તણા કેશ જરા સમારી
ડૂબે રવિ શાશ્વત કાલગંગામાં.

'બેટા! અહીં એ છરી કાં ન આણે?'
વદી ફરી વૃદ્ધ નમી ઊભો થયો;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે,
અનંત આરે કંઈ શોધવા ચહે.

ગ્રહી છુરી : ઓષ્ઠ સુમંદ ધ્રૂજે :
લહી રહે પાંચ સુરેખ આંગળાં :
ને આંખમાં ભાવ અકથ્ય ઝૂઝે,
ધીમે ધીમે શબ્દ સરંત પાંગળા –

જનો તણી લાજ તમે વિદારી,
ઢાંક્યાં તમે લોક ધ્રૂજંત ટાઢમાં;
ઢાંકી જરા, સુંદરતા પ્રસારી,
લૂછ્યા ભીના દેહ તમે અષાઢમાં.

દિલ્હી તણી એ નવયૌવનાઓ
સજી સુવસ્ત્રો શબનમ્ સમાં વણી;
કૃતાર્થ ભાવે સજી નુર્જહાંઓ,
હવા સમાં ચીર ઝીણાં વણી વણી.

પરંતુ એવી તમ સૌ કળાએ
ગુલામ શો આજ મને કરી મૂક્યો;
કલા તણી સુંદર સર્જનાએ
હીણો કર્યો આજ મને,' – વદી ઝૂક્યો.

રહી ગયા હસ્ત વહંત પાંગળા!
નીચે પડ્યાં સર્જકશ્રેષ્ઠ આંગળાં!

*૨૩-૧-૧૯૩૧; 'કોડિયાં', ૧૯૩૪*

## ભરતી

સહસ્ર શત ઘોડલાં અગમ પ્રાન્તથી નીકળ્યાં,
અફાટ જલધિ પરે અદમ પાણીપન્થાં ચડ્યાં;
હણે-હણહણે : વિતાન, જગ, દિગ્ગજો ધ્રૂજતાં,
ઊડે ધવલ ફેન શી વિખર કેશવાળી છટા!

ત્રિભંગ કરી ડોકના, સકળ શ્વાસ ભેગા કરી,
ઉછાળી નવ દેહ અશ્વ ધમતા પડી ઊપડી;
દિશા સકળમાં ભમી, ક્ષિતિજ-હાથ તાળી દઈ,
પડંત પડછંદ વિશ્વભર ડાબલા ઉચ્ચરી.

કરાલ થર ભેખડે, જગતકાંઠડે કારમા,
પછાડી મદમસ્ત ધીંક : શિર રક્તનાં વારણાં;
ધસી જગત ખૂંદશે? અવનિ-આભ ભેગાં થશે?
ધડોધડ પડી-ખરી ગગનગુંબજો તૂટશે?

ઉરેય ભરતી ચડે, અદમ અશ્વ કૂદી રહે!
દિશાવિજ્ય કૂચનાં કદમ ગાજતાં ઊપડે!

*૧૦-૮-૧૯૩૧, 'કોડિયાં', ૧૯૩૪*

## પુરુષ અડતો સ્ત્રીને

અમે જઈ ઊભાં ઊંચે લળતી નાળિયેરી તળે,
સમુદ્ર મરજાદ શી નીલમ વેલ લૂમે વળે
નીચે પગ કને : તિમિર તણી પાંખ માંડી જરી
લપાઈ સુણતા પણે મુખર સાગરી ખંજરી.

પુરુષ અડતો સ્ત્રીને પ્રથમ વાર, ને સ્ત્રીય તે
વ્રીડા પ્રથમ ચુંબને ધરત; ને ઉન્હી સંગતે
સમુદ્ર, તરુ વેલીઓ, સમીર ને દીવા દૂરના,
ત્રિલોક ગળતું મિષે ઉભય નેહના નૂરમાં.

જરીક થડકી ઊઠી હું અણચિંતવ્યા પ્રશ્નથી :
'પ્રિયા! પ્રિયતમા! કહે, ક્યમ તું આટલાં વર્ષથી
હતી વરી ચૂકી છતાંય મુજથી રહી વેગળી?'
'તમેય...' હુંય ઉચ્ચરી, 'ક્યમ ન વાંસળી સાંભળી?'

અમે વરસ વેડફ્યાં ઉભય પ્રીતની શંકમાં.
કદી ન અળગાં થશું! જીવશું એકડા અંકમાં!

*૧૪-૫-૧૯૩૪; 'કોડિયાં', ૧૯૩૪*

## વિરાટદર્શન

પીપળ આખી સ્થિર પડી, પણ
ફરકે એક જ પાન.
તાર એક પડદાનો ઝણકે,
સારંગી સૂમસામ.
ઊર્મિ ભણવી આવી અઘરી,
સ્હેલાં ચારે ધામ;
સ્હેલી પીપળ સર્વ વીંઝાતી;
સ્હેલું સારંગીનું ગાન.
ટોળું ઊમટે તોય સ્થૂળ એ.
એકલતા એમાં એકાન્ત.
સાંબેલાં વાદળથી વરસે,
નળનું પાણી શાન્ત.

આખી પીપળ સ્થૂળ ખડી, ને
ગૌતમ બેઠા ધ્યાન ધરી;
એક મગજનું તંતુ ફરક્યું,
એક જ પીપળપાન.
જોવે નાનું કૂંચી-કાણું
મઢવા ત્રિકાલજ્ઞાન.

*૧૪-૧૦-૧૯૫૬; 'પુનરપિ', ૧૯૬૧*

એક શક્તિમંત કવિ અને પ્રયોગશીલ નાટ્યકાર તરીકે કૃષ્ણલાલ શ્રીધરાણી(૧૯૧૧-૧૯૬૦)ની સર્જકપ્રતિભા વિલક્ષણ હતી. ગુજરાતીમાં એમણે કલ્પનાશક્તિની ચમકવાળી છંદ-મધુર કવિતા ને પછી ચિંતન-કટાક્ષવાળી અછાંદસ ને લયમેળ કવિતા આપી. એમનાં બે સૌથી વધુ જાણીતાં કાવ્યો 'પતંગિયુ ને ચંબેલી'(૧૯૨૮) તથા 'આઠમું દિલ્હી'(૧૯૫૬) આ બંને પ્રકારની કવિ-શક્તિઓનાં ઉત્તમ પ્રતિનિધિ કાવ્યો છે.

એમણે વિસ્મય-સભર બાળનાટકોથી માંડીને સ્વપ્નિલ ભાવનાશીલતા અને કઠોર યુગવાસ્તવને આલેખતાં પ્રયોગલક્ષી નાટકો આપ્યાં.

પત્રકાર તરીકે ૧૨ વર્ષ પરદેશ રહ્યા(૧૯૩૪-૧૯૪૬) એ દરમ્યાન સમાજવિદ્યા અને સામ્પ્રત રાજનીતિનો અભ્યાસ કર્યો. ઘણી ઊંચી કોટીના અભ્યાસસૂઝથી તેમજ ઉત્તમ પત્રકારની હેસિયતથી એમણે કેટલાંક મૂલ્યવાન અંગ્રેજી પુસ્તકો આપ્યાં. My India My America નામે એમણે રસપ્રદ ને વિચારસમૃદ્ધ આત્મકથા પણ આપી છે.

શ્રીધરાણીની લેખકપ્રતિભા સાચે જ બહુમુખી હતી.

એમાં સૌથી વધુ યાદગાર છે એમની તેજસ્વી કવિતા. અહીં પસંદ કરેલાં કાવ્યોમાં એનો હૃદ્ય પરિચય મળશે.

## કાઠિયાવાડ

આવળ બાવળ બોરડી કેરો દેશ.
થોરીલો ખેસ.
ધૂળ ઊડે ને ધગતા પાણા
અશોકના જ્યાં લેખ લીંપાણા.
ગ્રીષ્મને કેસૂડા લગાડે આગ.
સઘળું જ્યારે સુકાય
ગાંડો બાવળ લીલમ થાય.
જન્મ્યો હુંયે ત્યાંય.

(અરે કેસૂડા! અરે કેસૂડા!
જમોર ખેલતા કાઠીની કમ્મરે
કુમકુમ કેરી છાંટ
રાણકદે'ની ભોમની નાભિ શી કંકાવટીથી.
અથવા લોહીના ટસિયા
જ્યાં જ્યાં લૂએ ખાખરાને ડસિયા.
અથવા વિશેષણો ભાટ-ચારણનાં
જન્મદિને અફીણિયા નપુંસક રાણાના.
ફોગટ!)

ખાપરા-કોડિયાના ભોંયરામાં
આજ ખાપરા-કોડિયા ક્યાં?
મારું બાળપણું છે છૂપ્યું ત્યાં –
છીછરા વીરડા જેવું સ્પષ્ટ
એક્કેય મૂર્તિ ન થાતી નષ્ટ
નીચે પડેલાં શંખલાઓની, છીપ તણી,
અપૂર્ણ શાલિગ્રામ સમી

સાંકડી શેરીએ ખોરડાં મારાં
છાંયમાં મોટાં ખોરડાંની, જે
વહુએ વગોવ્યાં
ઊંચેરા ગોખથી છટકી
ઊંચી સોટા જેવી પાતળી પરમાર

છાંડીને કસૂંબો કરતા ઠાકોર; જેણે
હોકો ફોડ્યો ઓલ્યીને દરબાર,
ચલમ ફોડી ચોકમાં રે!
મેંય માથું ધુણાવ્યું શોકમાં રે:
‘પાતળા પ્રણયને રોક મા રે !
સિંહણ પાતળીનાં દૂધ પાતળાં રે!’

કૃષ્ણપ્રભુને મરવા લાયક દેશ
જીવવા માટે ત્યાગવા લાયક પ્રાંત
કોઈ દયાનંદને, કોઈ મોહન ગાંધીને
થવું જેને ઉત્તર દેશે પ્રશાંત.
લીંબડા નીચે કોસ બપોરે, ધોમ બપોરે,
લીંબડે ગૂંથી પંચવટીમાં.
ધોરિયા ખેતર જાય.
વીરની યાદમાં પાળિયા ટટ્ટાર થાય.
હાથલા થોરમાં હાથ સતીના વરતાય.
(બહેનને મારતાં હાથમાં ઊગે કાંટા
– સાંભરે માનાં વેણ.)
ખોડિયાર માનું ત્રિશૂળ, જાણે
લોઢાનો થોર તરધારો.
કિચૂડ કિચૂડ કોસની ઉપર લીંબડા ઝૂમે;
ક્યારે  ક્યારેક કોયલ-સૂર
લિંબોળીમાં જોઈ નાની કડવી કેરીનાં નૂર.

કબરે કબરે સીતાફળીની છાંય.
મૃત્યુ-નોંધનો મધુપ્રમેહ એમાં માય.
ભૂલી જઈને ધરતી નીચે ઊગવાનું, ત્યાં
લટકે અનેનાસ.
કબ્રસ્તાનના સીતાફળોમાં વડવાગોળના ભાસ!
ગીરના કેસરી સિંહ.
ભારતવર્ષના સર્વ જટાધરોનું
ગીર છે દંડકારણ્ય.
ગીરનો લાયન! મારોય સિંહનો વંશ,
લાઈન ઑફ લીસ્ટ રિઝિસ્ટન્સ.

કેડીઓ ગીરમાં ગોથાં ખાય;

કારભારીની પાઘડીમાંની આંટીઘૂંટીમાં
જેમ જતા અટવાઈ
પ્રતિસ્પર્ધીઓ.
એક ઊભો ગિરનાર.
ને એક છે શત્રુંજય;
પ્રતીક આ ઉભય.
તેમ જ નાગરાણી ને રૂડી રબારણ.
માણસો તાકતા હાથી ચડેલા રાજવીને;
અંબાડીની હરોળમાં આવે ઝરૂખો નાગરાણીનો
આંખ રાજાની ત્યાં.
ચણિયે, કાપડે  આભલાં
જાણે નિતનિત નાથ્યો મોર;
ગામને ટીંબે જાય રબારણ,
કંથ ચરાવતો ઢોર;
ત્રાંબાવર્ણી બાઈને કાળજે નંદકિશોર.
ગોપ ને ગોપી, ગોપ ને ગોપી
રાસ રમંતાં વહેતું મૂકે વર્તુલ.
સાંજનું કાઠિયાવાડ તે સો ગોકુલ.

*૨૭-૯-૧૯૫૯; ‘પુનરપિ’, ૧૯૬૧*



## અંગત મંત્રી

ગરુડે ચડીને ઊડ્યા વિષ્ણુ ભગવાન
(વાત છે ત્યારની વીઆઈપીને ન્હોતાં મળતાં વિમાન)
ગરુડે ચડીને આવ્યા વૈકુંઠવાસી.
પદ- નહિ, પણ પંખ-યાત્રા કરતા પ્રવાસી,
હિમાદ્રીને શિખરે શિખરે
(ઝટા જેવી જ્યાં નદીઓ વિખરે)
વેરતા ફૂલ. આવ્યા માનસ પાસ,
પાળમાં જેની સંઘરાયો છે પ્રકાશ.
આવ્યા માનસ પાસ,
સ્નાન કર્યું.
ફરી વીંઝતું ગરુડ સર્યું.
તરલ નાવ શુ આભના ઊંધા સાગરે.
પહોંચ્યા જેવા કૈલાસના પાદરે,
ધ્યાન ફેંકી દઈ ઊઠ્યા શિવ
(નાગના હારથી સુગ્રીવ);
ભેટ્યા પ્રભુને, પાથર્યું વ્યાઘ્રચર્મ.
સોમ મગાવ્યો જાણી યજમાનનો ધર્મ.
અલકમલકની વાતો કરતાં,
ટીખળ કરીને મનડાં હરતાં,
આવ્યા મુદ્દાની વાત :
'કેવી આ દેવની નાત!
સ્વર્ગમાં શાંતિ કેમ સ્થપાય?'
આમ બે પ્રભુઓ જ્યાં શિખર પરિષદે તલ્લીન થાય,
ત્યાં લાગ સાધીને નાગ ઉઠાવે ફેણ,
ગરુડજીને કહેવા તું-તાનાં વેણ :
'ચાંચ વાંકી ને પાંખમાં કાણાં,
ન્હોરમાં તારા મેલના દાણા.
અહીંથી આઘો ખસ,
ઉડણ પાવડીને, અંગત મંત્રીને
ન છાજતો મોટાની વાતમાં રસ!'
આંખ વીંચી એક, ગરદન તોળી
આમ બોલ્યા ગરુડ :
'બાપલા માફ કરો હું મૂઢ.
એકલા કો'દિ મળશું આપણે
કેતકી ફૂલની કાતીલ પાંપણે,
વિષ્ણુ વિના હું ને આપશ્રી રુદ્ર વિના;
જોશું પછી શી બનશે બીના.'

૨-૨-૧૯૬૦; 'પુનરપિ', ૧૯૬૧

San Francisco-based artist Tiffanie Turner creates incredible flower sculptures made up of tiny bits of paper carefully pieced together, with some pieces reaching up to 5 feet wide and taking over 200 hours to complete! See more images in this issue of Sanchayan.



By Tiffanie Turner





By Katie Daisy

# વાર્તા

## નાગરિકા • સુન્દરમ્

સુન્દરમ્ જેવા ઉત્તમ કવિ એવા જ ઉત્તમ વાર્તાકાર પણ હતા. 'ખોલકી' એમની બહુ વખણાયેલી ને ચર્ચાયેલી વાર્તા. પણ એમની આ વાર્તા 'નાગરિકા' તરફ ઓછાંનું ધ્યાન ગયું છે. મર્મ-નર્મ ને કટાક્ષની તીણી ધારવાળી આ વાર્તા જેટલી રસપ્રદ છે એટલી જ કલાત્મક પણ છે. નાયિકા પત્નીને મુખે કહેવાયેલી આ વાર્તામાં પતિનું કેવું તો લાક્ષણિક પાત્ર ઊપસે છે એ તો વાંચ્યે જ અનુભવાશે.

સુન્દરમ્ – ત્રિભુવનદાસ લુહાર (૧૯૦૮-૧૯૯૧) આ ઉપરાંત સાહિત્યના ઉત્કૃષ્ટ ઇતિહાસકાર, વિવેચક, પ્રવાસલેખક, અનુવાદક પણ હતા – એક બહુમુખી પ્રતિભા.



'રાત આઈ હૈ નયા રંગ જમાને કે લિયે.'

મેં માન્યું હતું કે પૂરેપૂરા નાગર હશે. પણ અમારા વિવાહ થયા પછી તેમને જમવા બોલાવેલા ત્યારે મને કંઈક જુદું જ દર્શન થયું. એમણે પોતાની થાળીમાંથી મસાલાવાળી દાળ, તળેલાં ભજિયાં અને પાપડ, ફુદીનાની ચટણી અને પૂરી ઉપાડી લેવડાવ્યાં. 'જમાઈરાજ, આ શું કરો?' મારાં આકરાં દાદીમા બોલી ઊઠેલાં. પણ તે તો મૂંગા જ રહ્યા. મારી વિધવા માસી ગાંધીજીનું 'મંગળપ્રભાત' હમણાં રોજ વાંચતી હતી. તેણે ઠાવકાઈથી કહ્યું : 'કદાચ વ્રત લીધું હશે.' મારી સમજુ બાએ જમાઈનું કોઈ અપમાન કરે છે એવા ભાસને રોકવાને, પરંતુ પૂરી ખાનદાન ચીડથી કહ્યું : 'મહારાજ, દાદાજી માટે ગોળનો શીરો કરેલો છે તે અને મોળી દાળ અને શાક લાવો.' મારી નાનકડી ચબાવલી બેન પ્રીતિ આ દરમિયાન એમનું ક્યારની નિરીક્ષણ કરતી હતી. મને થયું એ જરૂર કંઈ અળવીતરું કરવાની. તે હસતી હસતી બોલી : 'ઓ, તમે તો ખાદી પહેરતા લાગો છો! તે આવાં જાડાં ધોતિયાં તમે કેમ કરીને પહેરી શકો છો?' અને એમની નાજુક કાયા જોઈ બધાં હસી પડેલાં. પોતાની મુદ્રાને સ્થિર ગંભીર રાખી તે આવું કૈંક બોલેલા. 'જીવનમાં આથીયે વધારે સંકટ વેઠવા તૈયાર રહેવું જોઈએ.' તે દિવસે મેં કેટલી હોંશથી એમને માટે પાન તૈયાર કરેલું, હૃદયના આકારનું જાણે. તેમાંથી તેમણે માત્ર લવિંગ જ ખેંચી લીધું. અને ઊભરેલું પાન પાછું લઈને પ્રીતિ મારી પાસે આવી. હું તો સ્તબ્ધ જ થઈ રહી. મેં પ્રીતિને કહ્યું : 'ખાઈ જા તું.' તે નાકનું ટેરવું ચડાવી બોલી : 'છિઃ એવાં કોઈનાં તરછોડેલાં પાન કોણ ખાય?'

મારું અભિમાની મન તો બોલી ઊઠ્યું : 'અરે જે માણસ તળેલું શાક ને સોપારી ખાતાં વિચાર કરે તે કઈ વસ્તુનો વિચાર કરતાં પાછો ન પડે?' પણ મારા અંતરાત્માએ કહ્યું : 'નહિ, મારો તો એ જ. આવો ઉત્તમ સ્વામી મને બીજે ક્યાં મળવાનો છે? આવો ઉદાર ભાવનાશાળી, હીરા જેવી ચમકદાર બુદ્ધિવાળો, ચંપાના ફૂલ જેવો સોહામણો, શાંતપ્રશાંત, ધીર ગંભીર. અમે નાગરો માનવજાતિનાં રત્ન છીએ. અને એ નાગરોમાં રત્ન જેવા છે. એ રતનને તો હું હૈયે ઝુલાવીશ.'

અમારા ચાલીસેક માણસના કુટુંબમાં એકાંત મળવું મુશ્કેલ છે. પણ તે દિવસે સત્યનારાયણની કથા અમારે ત્યાં નીચેના ચોકમાં થતી હતી. એટલે બધાં ત્યાં જ ભેગાં થયાં હતાં. પણ એ ત્યાં ન હતા. માળે માળે તેમની શોધ કરતાં મેં તેમને અગાસીમાં શોધી કાઢ્યા. ચંદ્રમાને અજવાળે તેઓ તકલી કાંતતા હતા. મેં તેમને કહ્યું : 'તમારી છબી મને આપશો?' તે હસ્યા અને બોલ્યા : 'હજી લગી તો પડાવી નથી. હવે આપણે' સાથે જ પડાવીશું. એટલે મારા ભટકાઉ જીવનમાં તમને પણ હું સાથે રાખી શકીશ. તમને એટલે કે, તમને નહિ તો તમારી છબીને.'

અને પછી એક નવાઈની વાત થઈ. ત્રીજે દિવસે પ્રીતિ એમની એક છબી લઈને મારી પાસે આવી. છબીમાં તે આરામખુરશીમાં પડ્યા પડ્યા ઊંઘતા હતા, અને તેમની છાતી ઉપર ‘સત્યાગ્રહની મર્યાદા’નું પુસ્તક ઊંધું પડ્યું હતું. પ્રીતિને મેં પહેલાં તો એક તમાચ જ લગાવી દીધી. આવી મશ્કરી?.... પણ પ્રીતિ આબાદ સ્નૅપ લે છે તેમાં શંકા નથી. અને ટીખળ એને ક્યાં લેવા જવું પડે તેમ છે? સાહેબ જરા ઊંઘતા હશે ત્યાં આ વાઘણના પંજામાં ઝડપાઈ ગયા. મને થયું, ‘શું ખોટું છે? જેવી આ સત્યાગ્રહની મર્યાદાને તેમણે હૃદય ઉપર ધારણ કરી છે તેમ હું પણ આ છબીને મારે હૃદયે ધારણ કરીશ.’ અને મારું મનોજગત જ જાણે ઉચ્ચારતી હોય તેમ મારી મીંઢી ઠાવકી વસુધાભાભી બોલી, પરણેલી સ્ત્રી જ કરી શકે તેવું સ્મિત કરીને, કે ‘મોટીબા, આ લાડકવાયાની પ્રતિમાનાં છાનાં પૂજન કરજો.’

અને હું તો પૂજન કરતી જ રહી. પણ તે મારી રીતે. આ ગાંધીમાં રંગાનારા આમ તો મઝાના માણસ હોય છે, પણ પાછા કેટલીક વાર અક્કલ વેચીને કામ કરતા હોય તેમ પણ લાગે છે. એક બાજુથી એમની ઠેકડી કરવાનું, ખાસડાંનો હાર પહેરાવવાનું મન થાય છે, તો બીજી બાજુથી તેમની ચરણરજ માથે લેવાનું પણ મન થાય છે. હા, હું એમનાં ખાદીનાં જાડાં જાડાં લૂગડાં ધોઈશ, તો હું એમની પાસે જઈને ઊભી ત્યારે એ, હજી અમે પરણ્યાં ન હતાં એટલે કે પછી બીજા કોઈ કારણે — હા, પગમાં કીડીબીડી પણ ચટકી ગઈ હોય, ભાઈ, બીજાના મનની વાત તે અમુક જ હોય એમ માનવાથી પણ કેવું કેવું રામાયણ થઈ જાય છે! — તે દૂર હઠી ગયેલા તો તે માટે તેમની એક દિવસે — અને દિવસે નહિ તો રાતે તો ખરી જ — ખરી ખબર લઈ કાઢીશ! અને ગમે તેમ ગણો પણ માણસ ગમે ન ગમે તોય તે ભગવાનનું જ ઘડેલું હોય છે ને! અને આ આવા ગળે વળગી પડીએ તેવા મીઠા છે, એમનો એક કટકો ખાઈ જઈએ તેવા ગળ્યા છે, તે ભગવાને અમસ્તા જ બનાવ્યા હશે? કાંઈ અમારા જેવાનો વિચાર કરીને જ બનાવ્યા હશે ને? અમારે લાડકોડ જોઈએ, પ્રેમ આનંદ જોઈએ, તો પછી કોઈ તપ કરાવે તેવા તાપસી પણ ના જોઈએ? ભગવાનને જો આભાર માટેનો પત્ર લખી શકાતો હોય તો અબઘડી જ લખી દઉં!

પછી અમે પરણ્યાં. એ તો જોકે હજી લગ્ન માટે ઉતાવળમાં ન હતા. પણ પરણવામાં એકલું પરણનારાંઓને જ ઓછું લાગતું-વળગતું હોય છે? એક લગ્નમાં અનેકનાં હિત સંડોવાયેલાં હોય છે, અનેકના અનેક રસોની તૃપ્તિ હોય છે. મને સૌ કોઈએ અભિનંદનોથી દાટી દીધી.

માણસને જીવન મળ્યું છે એ જ ઓછા આનંદની વાત નથી? એ જીવનમાં જ્યારે યૌવન મળે છે, અને યૌવનમાં સ્નેહ મળે છે ત્યારે તેથી વધારે પ્રાપ્ત કરવા જેવું જગતમાં કાંઈ બાકી રહેતું લાગતું નથી. જીવનને ભરી દેતા કોઈ ધોધમાર પ્રવાહના અવતરણની પ્રતીક્ષામાં હું બેઠી હતી. પણ એ પ્રતીક્ષામાં દિવસો ગયા, મહિનાઓ ગયા.... ઓહ આજે વિચાર થાય છે કે કદાચ.... ના, પણ એ તો નહિ કહું કોઈનેય. હું કદી દુ:ખી રહી છું? એ મને કદી દુ:ખી કરે ખરા?

અમારે તો ‘ગામમાં સાસરિયું ને ગામમાં પિયરિયું’ની પેઠે ‘પોળમાં સાસરિયું ને પોળમાં પિયરિયું’ પણ ઘણી વાર હોય છે. જોકે મારું સાસરું પાડોશની પોળમાં હતું. પાંચ મિનિટનો જ રસ્તો. એકાદ અર્ધો ફર્લાંગ પણ નહિ. પણ આ ઘેરથી તે ઘેર પહોંચવાને હૃદયને કેટલા જોજન ચાલવા પડ્યા છે તે તો હું જાણું છું.

છોડને તો નાનો ધરુ હોય ત્યારથી જ એને ફળવાની જગા ઉપર લઈ જઈને રોપ્યો હોય તો વગર વિલાયે ઊછરી જાય. જે છોડને બીજી જગાએ વાવવાનો છે તેને પહેલી જગાએ ઘણો મોટો થવા દીધા પછી બીજી જગાએ વાવો તો ત્યાંય ચોંટે ખરો, પણ ચોંટવા પહેલાં તે ઘણો વખત વિલાયેલો રહે છે. સ્ત્રીના હૃદયછોડની કૂંપળ પણ ચીમળાય નહિ તેવી કલમ કરવાની સંપૂર્ણ રીત, વનસ્પતિજગત માટે શોધાઈ છે તેવી, હજી માનવજગત માટે શોધાઈ નથી. પણ બીજે ઠેકાણે હૃદયને રોપવાની એ વેદના પણ મીઠી હતી, બહુ મીઠી હતી. વેદનામાં પણ ઘણું સુખ હોય છે. નહિ?

સદ્‌ભાગ્યે મારા પિયરની અને સાસરાની રહેણીકરણીમાં ઘણો ફેર ન હતો. સાસરિયાં પણ ખરાબ ન કહેવાય.

સાસુ એમની ભવ્ય રીતે સહેજ આંખ ઢાળીને મોગલની છટાથી મારા પર કૃપાદૃષ્ટિ રાખતાં હતાં. મારી બે નણંદો મારી સહિયર થવાનો પ્રયત્ન કરતી. પ્રીતિ પણ સાથે આવી હતી. એણે તો આખા ઘરને જીતી લીધું હતું. ઘણાંને એમ પણ થતું હશે કે આ પ્રીતિ મોટી હોત તો આ મારા જેવી મોટી મૂંગી વહુને બદલે એને જ વહુ તરીકે લઈ આવત.

મારી નણંદો તો ભાઈનાં વખાણ કરવાનું જ કામ આખો દિવસ કર્યા કરતી. મારા વરને અનેક રીતે તેમણે મને ઓળખાવ્યો. ભાઈ તરીકે એ કેટલા માયાળુ છે, પુત્ર તરીકે કેટલા આજ્ઞાંકિત છે, વિદ્યાર્થી તરીકે કેટલા હોશિયાર છે, અને માણસ તરીકે કેટલા બધા પ્રિય છે તે મને જાણવા મળ્યું. તેમણે વાંચેલાં પુસ્તકોનું એક આખું કબાટ મને નણંદોએ બતાવ્યું. 'ભાભી, આ ચારસોક પાનાંની નવલકથા તો ભાઈ બે કલાકમાં પૂરી કરે.' ટેબલ પર પડેલી એક ચશ્માંની ડાબલી મેં ઉપાડી, ત્યારે નાની નણંદ બોલી ઊઠી : 'એ તો તડકાનાં ચશ્માં છે. ભાઈની આંખો તો બહુ જ સારી છે.' મારાથી તેની સામે સહેજ કટાક્ષપૂર્વક જોવાઈ ગયું. મોં મલકાવીને મેં માત્ર એટલું જ પૂછ્યું : 'એમ કે?' અરે બિચારી એ મારું કહેવાનું શેની સમજી હોય?

હા, એમની આંખો બહુ જ સારી છે; સુંદર છે. પણ ચોપડી વાંચવા માટે જ આંખનો ઉપયોગ કરનાર એ મહાનુભાવને એનું ભાન પણ નહિ હોય. પણ હું તો મને પોતાને ધન્ય માનું છું કે નાગરી ન્યાતમાંથી મને ચશ્માં વિનાનો વર મળ્યો. ઓ બાપ, ચશ્માંના કાચ પાછળ લાંબી પહોળી થતી આંખોવાળા માણસ પર કોઈને પણ હેત કેમ ઊપજી શકે? હું ધારું છું કે ઘણાખરાને પરણ્યા પછી જ ચશ્માં આવતાં હશે. અને પરણ્યા પહેલાં ચશ્માં આવ્યાં છે તેઓને જોવાની પરણનારીઓને આંખ જ નહિ હોય.

આ તો લગ્ન પછીના શરૂઆતના દિવસોની વાત. હું વિધિપૂર્વક સાસરે તો થોડાંએક અઠવાડિયાં પછી ગઈ. આ ઘરથી તો હું પરિચિત થઈ ગઈ હતી. ઘરમાં મારા આણાનો ઉત્સવ હતો. તેમાં એમને આજે નોકરી મળ્યાની ખબર હતી. બહુ મોટી નોકરી હતી. એ તો એની ચર્ચામાં જ મિત્રોની સાથે પડી ગયા હતા. અને ઘણી બધી યોજનાઓ વિચારતા હતા.

બે ફૂટના વ્યાસવાળા, વાનીઓથી ખીચોખીચ ભરેલા જર્મન સિલ્વરના થાળમાંથી અમે નાના નાના કોળિયે, હળવે મરકતે મોઢે જમ્યાં. જમવાનું કામ અમારે કરવાનું હતું. બાકીનાં બધાં કામ માટે તો નોકરો હોય જ. પાનબીડાં ખાઈને અમે જરા આડાં પડ્યાં. મને તો દિવસે ઊંઘ આવતી નથી. મેં છાપાં વાંચવા માંડ્યાં. નાની નણંદ પણ મારી સાથે મારા છાપામાં મોં ઘાલીને વાંચવા લાગી. ચિત્રો જોતી જતી, બોલતી જતી, ભાભી આ શું, ભાભી તે શું, એમ પૂછતી હતી. એ કેટલી મારી સાથે હળી ગઈ હતી! મારી પ્રીતિને પણ એ ભુલાવી દે તેવી ન હતી?

છાપાં પછી માસિકો જોયાં. પણ એમાં મને કંઈ બહુ રસ ન પડ્યો. 'નવજીવન' આખું ગાંધીજીએ અસ્વાદવ્રત અને કાચા ખોરાકના પ્રયોગથી ભરી દીધું હતું. 'પ્રસ્થાન'માં પેલા કોક વૈદે પંદર પાનાં ભરી ખોરાકની ચર્ચા કરી હતી. અરે, સ્વૈરવિહારમાં પણ ખોરાકની જ ચર્ચા! કિશોરલાલનો એક લાંબો લેખ ચીપિયો લઈને ઊભેલા ખાખી બાવા જેવો ડોળા ઘુરકાવતો મારી સામે પડ્યો હતો. 'કુમાર'માં અખાડાવાળાની કેટલીક છબીઓ છાપી હતી. દૈનિક છાપામાં પુસ્તકાલય પરિષદનાં ભાષણો, વ્યાયામ સંસ્થાઓનો અહેવાલ, અને સેવાદળની યોજનાઓ ઊભરાતી હતી. બે ફૂટના વ્યાસવાળો થાળ ભરીને ખાધા પછી આ ખોરાક હજમ કરવો મુશ્કેલ હતો. ગમે તેવા અનિદ્રાના રોગીને પણ ઊંઘ લાવે તેવી સમર્થ આ સામગ્રી ન હતી? પણ હું ઊંઘી નહિ.

પ્રીતિ જમવા માટે મારી સાથે આવી હતી. એ અને મારી નણંદો ઠીઠિયા કર્યા કરતી હતી. પ્રીતિએ એમની કરેલી મશ્કરીઓનો ઇતિહાસ અપાતો હતો. એક વાર આરામ ખુરશીના કપડાની લાકડી કાઢી લઈ તેમને કેવા લંબાસને બેસાડ્યા હતા, કોટના ખિસ્સામાં કેવી ટાંકણીઓ ખોસી હતી, વગેરે. આની સામે નણંદો પોતાના ભાઈનાં લક્ષણો- હોશિયારી બધું વર્ણવતી હતી.

બપોર નમવા આવ્યો. પણ એ અને એમના મિત્રો ઉપરના ઓરડામાં હજીયે બૂમો પાડીને વાતો કર્યા કરતા હતા. એમની બપોરની ચા અમારે ઉપર જ મોકલી આપવી પડી અને અમારે એકલાં એકલાં જ ચા પી લેવી પડી. સાંજના પાંચેક વાગ્યે એ અને મિત્રો ધડબડ દાદરો ઊતરી ફરવાને ચાલ્યા ગયા. હું ત્યાં બારણા પાસે ઊભી હતી. પણ મારા તરફ સહેજ નજર નાંખવાની પણ એમને ક્યાં ફુરસદ હતી? પણ કેવા તો પોતાના કામમાં મગ્ન હતા એ જ કેવી મોટી વાત હતી!

એમના ગયા પછી ઘર સૂનું થયું. નાની નણંદો મને ઘર બતાવવા લઈ ગઈ. હા, મારા ભાવિ સામ્રાજ્યનું મારે નિરીક્ષણ કરી લેવું જોઈએ ને? ત્રીસ-ચાલીસ માણસો રહે તેવું, અનેક ઓરડાઓવાળું ત્રણ માળનું એ મકાન હતું. અનેક બારણાં ઓળંગતાં, બારીઓ ઉઘાડતાં, નાનીમોટી સીડીઓ ચડતાં, અમે ત્રીજે માળે આવ્યાં. ત્રીજે માળે અર્ધો ભાગ ખુલ્લી આગાસીનો હતો. અને અર્ધામાં બે સુંદર ખંડ હતા. બંનેમાં પુષ્કળ હવા-અજવાળું આવે તેવી બારીઓ હતી. બંને ઓરડા અત્યારે બંધ હતા. એકનું બારણું ખોલતાં નણંદ બોલી : ‘આમાં મોટાભાઈ વાંચે છે. કોઈને પણ તેમાં જવાની રજા નથી. એટલે તો એ હંમેશાં ફર્સ્ટ ક્લાસમાં આવે છે.’ ખંડમાં એક જ ખુરશી અને મોટું ટેબલ હતું. ભીંતને અડીને એક લાકડાની પાટ હતી. અને તેની ઉપર એક શેતરંજી પડેલી હતી. ટેબલ પાસે એક ઘોડા ઉપર પુસ્તકો ખડકેલાં હતાં. પુસ્તકોની પીઠ ઉપર સોનેરી તથા રાતા-પીળા અક્ષરોમાં લખેલાં નામ અનેક માણસોની આંખો પેઠે જાણે તાકી રહ્યાં હતાં. હા, એમની આંખો આ બધાંને માટે જ હતી.

બીજા ઓરડામાં પેસતાં નણંદ બોલી : ‘આ ખંડ મને બહુ વહાલો. અહીં કદી બા કે બાપુજી સૂવે. પણ આપણે તો રોજ સૂવાનાં. મને બીજે ક્યાંયે ઊંઘ ન આવે. પણ ભાભી, કોણ જાણે બાએ આજે મારી બધી ચીજ ઉપાડી લેવડાવી છે. મેં પૂછ્યું તો કહેઃ "તારી ભાભી માટે." તે ભાભી તમારે નીચેનો ઓરડો ન ચાલે?’ હું જરાક હસી ને મૂંગી જ રહી. મારા હસવાથી મૂંઝાતી હોય તેમ તે જરા છોભીલી પડી ગઈ. પણ ઘડી વારમાં એની વાતોનો પટપટાટ શરૂ થઈ ગયો. ઓરડામાં એક મોટો પલંગ હતો. ભીંત ઉપર કેટલાંક સરસ ચિત્રો હતાં. એક ખૂણામાં ગાંધીજીની છબી હતી. પણ નણંદ તો પલંગની કથામાં જ મશગુલ હતી. ‘એ ભાભી, આ પલંગ પરથી તો મેં કેટલાય ભૂસ્કા માર્યા છે... અને એ મારી ઢીંગલીની આખી જાન બે રાત લગી મેં અહીં સુવાડી હતી.’...દસેક વરસની નણંદ હજી છોકરી જ હતી. તેની નજર એકદમ અગાસીમાં ગઈ. અગાસીની પાળી ઉપર બે કબૂતર ગેલ કરતાં હતાં. બિલાડી ગુપચુપ ખૂણામાં આ કબૂતર પર તરાપ મારવા બેઠી હતી જાણે. નણંદે બિલાડીને ‘મિયાઉ’ કરીને ભગાડી મૂકી. નીચેથી બૂમ પડી : ‘ચાલો જમવા.’ નણંદ હરણીની પેઠે છલંગતી દોડી. હું અગાસીમાં ઘડીક થંભી ગઈ.

બેય ઓરડાનાં બારણાં ખુલ્લાં હતાં. એકમાં એમની વિદ્યા હતી. બીજામાં જ્યાં એમની બેન હતી ત્યાં હવે હું આવવાની હતી.

સંધ્યાના રંગ દૂર હરિયાળી ક્ષિતિજમાં ફેલાતા હતા. અને અનેક મકાનોમાં, સમુદ્રની તરંગિત સપાટી જેવાં છાપરાંઓ ઉપર સોનેરી કિરણો વેરાતાં હતાં. નગરનો ઘોંઘાટ પણ શાંત થતો જતો હતો. રાત આવતી હતી. મારું હૃદય એને વધાવવા ઉલ્લસિત થયું. ત્રીજનો ચંદ્ર ઝળહળવાની તૈયારીમાં હતો. એકાએક સંધ્યાએ રંગોનો પંખો સંકેલી લીધો. ત્રીજ ઝબકી રહી. ક્યાંક પાસેથી સંગીતની એક મહા તરંગિત તીવ્ર લહરી આકાશમાં હવાઈની પેઠે ઊડી.

‘રાત આઈ હૈ નયા રંગ જમાને કે લિયે.’

ઓરડાનાં બારણાં વાસી હું નીચે ગઈ.

તે રાતે મેં ન જેવું ખાધું. બપોરનું હજી પૂરું પચ્યું પણ ન હતું. એ તો ખાઈને ક્યારના ઉપર ગયા હતા. બધાં જમી રહે ત્યાં લગી હું રસોડામાં જ રહી. એટલા બધાંને જમતાં જમતાંય ઠીક ઠીક મોડું થાય જ. નોકરો ચોકમાં વાસણો માંજતા હતા. ત્યારે અમે હીંચકા ઉપર પાનબીડાં બનાવતાં હતાં. એક પાન ઉપાડીને નણંદ બોલી : ‘ભાઈને આપી આવું છું ઉપર.’ તેના ફ્રૉકની ચાળ પકડીને સાસુએ રોકી : ‘રહેવા દે, ભાભી લઈ જશે એ તો.’ અરે રામ, એ વળી ક્યારે પાન ખાય છે?

પાનનો કાર્યક્રમ ચાલતો હતો ત્યાં પેલી પડોશણ આવી. મહા ખાધેલ. એ આખા લત્તામાં જાણીતી હતી. પણ શી એની બોલીની મીઠાશ, અને એ ગજબની આંખો. જાણે જગતમાં એ જ એક છે. પણ મને જોઈને એ જરા ઢીલી પડી જતી હતી. સાસુએ તેને હોશિયારીથી વળાવી દીધી. 'ચાલ બાબી, તું વહેલી સૂઈ જાય તો કાલે તને ફરવા લઈ જાઉં.' હો હો. કરતી નણંદ ઊભી થઈ. સાસુ ઊભાં થયાં, હું ઊભી થઈ. પાડોશણને પણ ઊભાં થવું પડ્યું. બેય ઢીંચણ પર હાથ ટેકવીને સાંધા દુખતા હોય તેમ મોં બગાડતી તે ઊભી થઈ. 'કેમ, વા થયો છે કે શું?' સાસુજીએ પૂછ્યું. 'હા, બળ્યું, ઓણ સાલ તો બહુ રસ ખાધો છે. હાડકાં કળે છે, પણ ખાધા વગર રહેવાતું નથી.' 'હા, હા, સમજ્યાં. તું તો એ જ લાગની છે.' સાસુજીએ કહ્યું. પાડોશણ જરા લંગડાતા લહેકાતા પગે ચાલી. તેના મોં પર એક વિષાદ દેખાયો. 'ઓ રામ, મૂવું ઘડપણ કેટલું વહેલું આવે છે કોઈનેય અખંડ જુવાની ન મળે, મધુબેન?' કહી તે પગથિયાં ઊતરવા લાગી. બારણાં વાસતાં સાસુ બોલ્યાં : 'મેર તું, અખંડ જુવાની માગી દુનિયાનું નખોદ વાળવું છે તારે?' બારણાનો આગળો વાસી તે પાછાં ફર્યાં. નોકરો માંજેલાં વાસણો ખણખણાટ સાથે આઘાંપાછાં કરતા હતા. સસરાજીના હુક્કાનો ગુડગુડાટ ઉપરના માળેથી આવતો હતો.

'બા, વાજું વગાડું!' નણંદીને તુક્કો સૂઝ્યો. 'પેલી નવી રેકર્ડ ભાભીને સંભળાવીએ.' 'કાલે સંભળાવજે.' કહી સાસુએ તેને રોકી. અંધારામાં છતની પાસે છુપાયેલા ઘડિયાળે ઘેરા મીઠા અવાજે દસના ટકોરા વગાડ્યા. સાસુજી મારા તરફ ધીમે પગલે આવ્યાં ને એમનામાં મેં કદી ન દીઠેલી કોમળતાથી બોલ્યાં : 'જાઓ. સૂઈ જાઓ. એ વેદિયાને કહેજો કે આજે થોડું વાંચીશ તો ચાલશે. રોજે બાર વગાડવાના ન હોય.' અને નણંદ બોલી ઊઠી : 'બા, મને ઉપર સૂવા જવા દે ને. ભાભી સાથે સૂઈ જઈશ. મસ્તી નહિ કરું.' કંઈ પણ બોલ્યા વગર વજ્જરની પકડથી તેનો હાથ પકડી સાસુજી તેને લઈને સસરાજીના ઓરડામાં જવાને રસ્તે ચાલ્યાં ગયાં.

સૌથી ઊંચે મજલે બેઠેલા પતિ પાસે પહોંચવાને મેં ચડવા માંડ્યું. કેટલાંય બારણાં ઓળંગ્યાં, કેટલીય સીડીઓ ચડી. જાણે ચડવાનો પાર જ નહોતો આવતો. ઓરડા પછી ઓરડા મારી નજર આગળ ઊઘડતા હતા. કહે છે કે એક વખત આ બધા વસ્તીથી ભરચક હતા. પણ આજે એ એકલા જ કુળદીપક રહ્યા હતા. શું વળી એ ઓરડા પાછા ભરચક બનશે? મારા હૃદયમાં કોક અગમ્ય ધબકારો થઈ આવ્યો. મારા પગ કોક ઝાલી રાખતું હોય તેમ મને લાગ્યું. અનેક યુગ વટાવીને જાણે હું ત્રીજે માળ પહોંચી. ઉપર આવવાને હઠ કરી રહેલી નણંદલનો અવાજ નીચેથી આવતો હતો.

એ પોતાના ખંડમાં બારણા તરફ પૂંઠ કરી ટેબલ પાસે ટેબલ લૅમ્પના પ્રકાશથી વાંચતા બેઠા હતા. એમનો પડછાયો આ તરફના બધા ઓરડામાં વ્યાપ્યો હતો. મારો પગરવ સાંભળી તે સહેજ ચોંક્યા અને સફાળા ઊભા થવા ગયા. 'આવો, આવો' મને તે કાંઈ કહેવા જતા હતા ત્યાં તો તેમના ખોળામાંની ચોપડીઓ ભરરર કરતી ભોંય પર પડી ગઈ. અને તે વાંકા વળી ભેગી કરવા લાગ્યા.

હું મૂંઝાતી પાસે ઊભી રહી. નીચી વળી તેમને મદદ કરવા જાઉં છું ત્યાં તો એમણે વાંકી કમર પરનું મોં ઊંચું કરી મારી સામે જોયું અને હસ્યા. એ અંધારામાં પણ એ મોં પર કેવું લોહી ચડી આવ્યું હતું, આટલું અમથું નીચે વળ્યા એટલામાં.

'ના, ના, હું ભેગી કરી લઉં છું. અંદર બધી કાપલીઓ ગોઠવી છે તે આઘીપાછી થઈ જશે.'

'પણ આ બધું છે શું? કંઈ પરીક્ષાની તૈયારી કરવા માંડી છે?' મારાથી પુછાઈ ગયું.'

'એવું સ્તો. એક રીતની પરીક્ષા જ સમજો ને?'

'જીવન હૈ સંગ્રામ, એના જેવું કાંઈ?' મને કહેવાનું મન થઈ આવ્યું. પણ તે બહુ ગંભીર રીતે કામમાં લાગી ગયા હતા. મામલો પણ ગૂંચવાયેલો હતો. હું એમાં હાથ નાંખું તો ઊલટું ગોટાળામાં વધારો જ થાય તેમ હતું.

અને ત્યાં સમસમાટ કરતો બહારથી પવન ધસી આવ્યો. અમને બેને એકલાં જોઈને એને જાણે અદેખાઈ ન આવી હોય. કાગળિયાં ઊડાઊડ  કરવા લાગ્યાં. એ એક પકડે ને બીજું ઊડે. બીજું પકડે ત્યાં ત્રીજું ઊડે!

'જરા બારણું વાસોને!' એમના અવાજમાં એક કરુણ વિનંતી હતી.

અને હું બારણું વાસવા ગઈ. પણ એ વાસ્યું તેવું જ ઊઘડી ગયું. વૈશાખનો પ્રચંડ પવન ફૂંકાતો હતો. છાપરાંનાં નળિયાં મહામહેનતે છાપરાને જાણે વળગી રહ્યાં હતાં. મેં ફરીથી બારણું વાસ્યું. પણ બહારથી પવન  જાણે મારી સાથે હરીફાઈમાં ઊતર્યો હતો. હું વાસું  વાસું  ને ઊઘડી જાય.

પુસ્તકો-કાગળિયાં ભેગાં કરતાં કરતાં તે બોલ્યા :

'અંદરની પકડ પણ બહુ સારી નથી, તમે બહારથી વાસીને બાજુના ઓરડામાં બેસો જરા. આ તમને બોલાવું છું.'

અને હું બહાર ગઈ અને બારણાને બહારથી વાસીને ઊભી રહી.

મિલનની રાત — આ પણ ખરી! હું વિચારી રહી. વૈશાખના વાયરા ફૂંકાય છે. અમારા એ અંદર ચોપડાં ભેગાં કરે છે!

પુસ્તકો! પુસ્તકો! આજે પણ એ જ? પણ એ કેવા દયાજનક, ના ના પ્રેમજનક લાગતા હતા.

વૈશાખના પવનમાં ઊડી ઊડી જતા સાડલાને અને મને મુઠ્ઠીમાં બાંધીને ઊભી રહી.

થોડી વાર પછી અંદરથી ટકોરો આવ્યો, અવાજ પણ આવ્યો. ગૂંગળાયેલો પણ પ્રસન્ન :

'આવો હવે.'

અને હું અંદર ગઈ.

તેમણે ટેબલ પાસે બીજી ખુરશી મૂકેલી હતી. ક્યાંથી આવી એ? પેલી શેતરંજીવાળી પાટ ખાખી બાવા જેવી ઘૃણા ઉપજાવતી પડી હતી. મને થયું, આવતી કાલે આના ઉપર મઝાનું ગાદલું પાથરી દઈશ. તેમણે ખુરશીને હું બેસી શકું તેવી રીતે સહેજ ખસેડી. કેટલી સાલસાઈ!

હું બેઠી. પહેલી વાર તેમની પાસે બેઠી, સામે બેઠી. પહેલી જ વાર અમે બે  એકલાં, એકલાં તરીકે, એકલાં બેસવાના હક્ક તરીકે બેઠાં. ટેબલ પર એક ટાઈમપીસ પડ્યું હતું. એલારામનો કાંટો તેમણે સાડા અગિયાર ઉપર મૂક્યો હતો.

મારું કુતૂહલ સમજી તે જાતે જ બોલ્યા :

'નવાઈ ન પામશો. મારે સૂઈ જવાને એલારામ મૂકવું પડે છે. નહિ તો કેટલું મોડું થઈ જાય તેની ખબર નથી પડતી. બેત્રણ પણ વાગી જાય છે. વહેલા ઊઠવા માટે એલારામ નથી જોઈતું.' પછી કંઈક મારો વિચાર  કરતા હોય તેમ બોલ્યા, 'તમે ક્યારે ઊંઘી જાઓ છો રોજ? સંસ્કૃતમાં કાંઈ રસ છે તમને? થોડુંક વાંચવાનું કાઢ્યું છે. સાડા અગિયારે સૂઈ જઈશું. જોકે મને તો હમણાં એક તો થાય છે જ. તમને ઊંઘ તો નથી આવતી ને?'

ઘેરાતી ઊંઘને પાંપણો પરથી મહા મહેનતે ઉડાડતાં હું બોલી : 'ના.' અને તેમણે અત્યંત સંતોષ અને પ્રસન્નતાભર્યું એક સ્મિત કરી ટેબલ પરથી પુસ્તક ઉપાડ્યું. ત્રણેક ચોપડીઓ  અલગ તારવેલી હતી. અને દરેકમાં અમુક અમુક પાનાંઓમાં કાપલીઓ મૂકી રાખેલી હતી.

'આ જુઓ.' વિદ્વાન પ્રોફેસરની છટાથી તેમણે શરૂ કર્યું. 'રસરાજ કાલિદાસમાંથી થોડું કંઈક વાંચીએ. તમે જાણતાં તો હશો જ કે કાવ્યેષુ નાટકં રમ્યં તત્ર રમ્યા શકુન્તલા, અને એમાંય ચોથો અંક અને એમાંય વળી તત્ર શ્લોકચતુષ્ટ્યમ્. એ ચાર શ્લોક આપણા આર્ય જીવનનું પરમ ખુશબોભર્યું ઉમદા અત્તર છે. સાસરે જતી કન્યાને પોતાને થતી વેદના, અને તેનાં કુટુંબીજનોને, સહિયરોને, તેનાં પાળેલાં પશુઓને, અરે તેણે ઊછરેલાં ઝાડપાનને પણ થતી વેદના કેટલી અદ્‌ભુત રીતે મૂકી છે. મહાકવિ ગેટે શાકુન્તલને માથે મૂકીને અમથો નથી નાચ્યો.'

અરે, એમણે એ ક્યાં વાંચવા કાઢ્યું? ના, ના, એ વાંચીને તો હૃદય હાથ નથી રહેતું. દરેક કન્યાને સાસરિયે વિદાય કરવાની વેળાએ આ શાકુન્તલનો ચોથો અંક ભજવાય છે. ઓહ, આ જન્મ્યાં ત્યારથી જ્યાં ઊછર્યાં, મોટાં થયાં, રડ્યાં, પછડાયાં, કલ્લોલ્યાં, જ્યાં લાડ કર્યાં, માબાપના ને વડીલોના ખોળા ખૂંદ્યા, એ બધું મૂકીને ચાલવાનું બધુંય ભૂલી જવાનું અને તે કોને માટે? હૃદયને કોક નવો અનુબંધ ખેંચે છે. એ ગજગ્રાહમાં પેલો એક નવો માણસ આ બધાંને ખેંચી જાય છે. ઘણું સુખભર્યું દુઃખ છે. એ વેદનાનો અંત પરમ આનંદમાં અથવા કહો કે આનંદની કલ્પનામાં હોય છે. હું વિચાર કરતી બેસી રહી. અને એ બધું વાંચી ગયા. એમની નિર્મળ આંખો સ્વચ્છ બુદ્ધિપ્રકાશ રેલતી હતી. મોતીના દાણા જેવા શબ્દોની માળા તેમની જીભને ટેરવેથી ખરર ખરર સરતી હતી. એમના શબ્દે શબ્દે મારી વેદના પાછી જાગ્રત થતી હતી. ના, ના, પણ જીવનમાં એક વાર એ વેદના અનુભવી લીધી તે ઓછું હતું? હજી પણ એ મારો કેડો નહિ મેલે? પણ એ વેદના અનુભવવા હૃદય વારંવાર તલપતું હતું.

'બસ બસ.' પોકારવાનું મને મન થઈ આવ્યું. ત્યાં તો તેમણે કાશ્યપના છેલ્લા શબ્દો સમજાવ્યા. 'જુઓ, જતી જતી શકુન્તલા પતિને કહે છે. બાપા, તમે થાકી જશો. પાછા જાઓ હવે. ત્યારે નિઃશ્વાસ નાખી ડોસા બોલે છે : બેટા જા, આપણી ઝૂંપડીને આંગણે તેં વાવેલા નીવારને જોતાં મારું મન ઠારીશ. હવે જા, દીકરી, શિવાસ્તે પન્થાનઃ સન્તુ.'

'બાપા, બાપા!' મારું હૃદય રડી રહ્યું. અને બોર બોર આંસુ ડબકાવતી મારી મા નજર આગળ આવી. 'બાપા તો આટલુંય બોલે છે. પણ આ મૂંગી મા!' બિચારી શકુન્તલા! એને વિદાય આપવા મા ન હતી!

કવિ! કવિ! મનુષ્યહૃદયની આ અમર વેદના જગતમાં તારા વિના બીજું કોણ આટલી અદ્‌ભુત રીતે કહી શક્યું હોત? એ એક જબરી અકળામણ અનુભવી જાણે મારું મન અને હૃદય થાકી ગયાં. એમણે બીજી ચોપડી ઉઘાડી અને સ્થિરતાથી બોલ્યે ગયા :

'સ્ત્રી હૃદયનું સંવેદન એણે અદ્‌ભુત રીતે ગાયું છે. તેથી તમે સ્ત્રીઓ ફુલાઈ ન જશો. પુરુષહૃદય ઓછું નથી હોતું હો!' કહી તેમણે મારી સામે નજર નાખી, પણ તે મારી ઘેરાતી આંખ ભાગ્યે જ જોઈ શક્યા હશે. તેઓ બોલ્યે ગયા :

'આ પુરુરવા, કેટલાક એને ગાંડિયો કહે છે. કદાચ કાલિદાસે એકલાએ જ પુરુષહૃદયનો સાગરઘેરો પ્રેમ વર્ણવ્યો છે. શું દુષ્યન્ત ઓછો દુઃખી થાય છે? અને આ બાપડો પુરુ ઉર્વશી પાછળ ગાંડો થઈને વનવન ભમે છે. પેલો અજ! અરરર, જગતમાં વિલાપ તો અજ જ કરી ગયો! પણ જુઓ આ પુરુરવા. કેટલી અલૌકિક રમણીયતા કાલિદાસે મૂકી છે! પુરુરવા હંસને રોકે છે, કે ઊભો રહે અલ્યા!

'દઈ દે દયિતા મારી, ચોરી છે ચારુ ચાલ તેં.'

તું તારી ચાલ તો મારી ઉર્વશી પાસેથી ચોરી લાવ્યો છે.'

અને એમ અનેક ચિત્રો એમના સુરેખ શબ્દોથી ઊભા કરતા ગયા. મારી અર્ધી ઊંઘમાં બીજાં અનેક દશ્યો સાથે એ ચિત્રો વણાતાં ગયાં. આ મિસ્ટર મારે ખાતર પુરુરવા પેઠે ગાંડા થઈ દોડે તો કેવું લાગે! એ ચંપલ, ને એ ધોતિયું, ને એ આ વીસમી સદીની સાથે ઊડતી બાબરી ને હાથમાં એકાદ ચોપડી!

એમણે અજનો વિલાપ સંભળાવ્યો. અહા, એટલું વેધક! પહેલા જ વાક્યમાં એ વીંધી નાખે છે.

કુસુમો પણ અંગ સ્પર્શતાં શકતાં જનપ્રાણ જો હરી,

નહિ શું હથિયાર તો બને હણવા ચહનાર દૈવનું?

પણ એ કોમળ ફૂલ જેવી પ્રિયાનો પ્રાણ વિધિએ ફૂલ વડે જ હર્યો. એમાં પણ વિધિનું ડહાપણ જ છે. અરે વાહ, કવિ વાહ, શું તારી કોમળ ભાવના!

અરે પણ, ઊંઘ ઘેરાય છે, અને એ તો વાંચ્યે જાય છે.

કરુણાના હૃદય પિગળાવતા પ્રસ્તાવને એ વિસ્તારે છે. આહ, એ જાનકીજીનો વિયોગ, એ રામની વેદના, જાનકીજીનો સંદેશ :

નાથ હું હવે એવું તપ કરીશ કે,

'ભૂયો યથા મે જનનાન્તરેઽપિ ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ'

[જેથી બીજા જ ન્મ વિશેય ભર્તા તમે જ હો, ના કદીયે વિયોગ]

અરે સીતા! આવા ધણીને પણ તું ફરીથી બીજા જન્મમાં પાછી માગે છે! ના. ના. પણ માગે જ. જો પ્રેમ હોય છે તો તે શું એક જ જન્મમાં પૂરો થઈ જાય? ચાર દહાડા ચાલતી લાગણીને કોણ પ્રેમ કહેશે? પણએવો તો પ્રેમ જ ન હોય એમ આજે ઘણાં કહે છે. ભલે કહે. પણ એવી એક સીતા તો થઈ ગઈ, જેનો પ્રેમ પતિનાં નિષ્ઠુર લાગે તેવાં કર્મો છતાં ઘટ્યો નહિ. કારણ એ પતિનાં સત્કર્મોને કે સદ્ગુણોને વરી ન હતી. પતિના હૃદયને વરી હતી. અને એ હૃદય સ્નેહભર્યું ને અચળ હતું. સીતાને છોડ્યા પછી રામ કદી હસ્યા હશે? ના. ના. હું પણ માગું કે :

'તમે જ ભર્તા મુજ જન્મ જન્મે!'

અરે ગાંડાઈ! આવતો જન્મ છે કે નહિ તેની જ આજે કોઈને ખાતરી નથી ત્યાં વળી એ વાયદાના સોદા!

પણ એ અર્ધી ઊંઘમાં હું કેટલાય જન્મોમાં જાણે ફરી આવી.

એમની ધારા અસ્ખલિત ચાલતી હતી. વચ્ચે વચ્ચે 'સમજ્યાં ને?' 'કેવું સરસ છે!' એવા તેમના ઉદ્ગારો નીકળતા હતા. પુરુષો આંધળા તો ખરા જ! અને પ્રેમમાં હોય ત્યારે તો જરૂર!

હું મૂંઝાતી હતી. મિલનની નિશ્ચિતતા થઈ ગયા પછી, મળવાની એ ક્ષણ જેટલી દૂર લંબાય તેટલી મધુર બને છે. હજી જરા થોડી વાર પછી, હજી થોડી વાર પછી. સહજપ્રાપ્ય વસ્તુને ઘડી વાર અપ્રાપ્ય રાખવાનો પણ કેવો આનંદ છે! એમનાં ચોપડાંબોપડાં ફેંકીને એમને ગળેથી ખેંચી જવાનું મને મન થયું. પણ હું રોકીને બેસી રહી.

હા. હવે અગિયાર તો થઈ ગયા. માત્ર અર્ધો કલાક જ. એ તો રઘુવંશના, કુમારસંભવના સર્ગ ઉપર સર્ગ, શ્લોક ઉપર શ્લોક ઉથલાવ્યે જ જાય છે! વીસ મિનિટ, પંદર મિનિટ, દસ મિનિટ, શંકર-પાર્વતીનો સ્નેહ વર્ણવ્યો. ઉમાનું તપ! અરે બિચારાં સારો પતિ મેળવવા આ દેવલોકોને પણ કેટલું વેઠવું પડે છે! અને આજે સારો પતિ નથી મળતો માટે જાણે સમાજને જ ગુન્હેગાર ગણીને ગાળો દઈએ છીએ અમે!

હાશ! હવે આ એલારામની ઘંટડી ધણેણશે. ત્યાં તો તેમણે રઘુવંશમાંથી કાંઈક કાઢ્યું.

'બસ હવે આપણે છેલ્લું વાંચી લઈએ. કાલિદાસની જેમાં બધી ખૂબી ખીલી છે તે આ ઇન્દુમતીનો સ્વયંવર વાંચીએ. આ વેદનાઓનાં કાંતારોમાં ભમી આવ્યા પછી ભારતની મનોરમ સુહરિત રાજ્યલક્ષ્મીઓનાં નિતાન્ત રમણીય દર્શન કરીએ. પહેલાં તો સ્વયંવર વાંચવો જોઈતો હતો. પણ નહિ. આપણે એ પતિપ્રાપ્તિનો ઉલ્લાસ છેવટે જ વાંચીએ.'

અને અદ્‌ભુત કલ્લોલમાં તે આવી ગયા. મેં ધાર્યું કે ગેટેની માફક એ પણ નાચવા માંડશે. અને એક પછી એક રાજવીનાં લક્ષણો, સમૃદ્ધિ, રાજ્યશ્રીનું નિરૂપણ કરતી એમની વાણી કાલિદાસ પેઠે વહેવા લાગી.

બે સખીઓની વચ્ચે ઇન્દુમતી ચાલી રહી છે, અને (અસૌ અસૌ) કરતી સખી દરેક રાજાનું વર્ણન આપે છે. શું લક્ષણવૈવિધ્ય, શું ગુણવૈશિષ્ટ્ય, શી પ્રકૃતિની ને રાજ્યલક્ષ્મીની સમૃદ્ધિ! પણ બધાય સરસ હતા અને એ પણ ચકોર હતી છતાંય કેમ કોઈ પસંદ ન પડ્યો? ભિન્નરુચિર્હિ લોકઃ.

તે બોલ્યા : 'આ જગવિખ્યાત ઉક્તિ, જુઓ કાલિદાસે અહીં વાપરેલી છે :

નાસૌ ન કામ્યો ન ચ વેદ સમ્યગ્ દ્રષ્ટું ન સા;

ભિન્નરુચિર્હિ લોકઃ'

મને થયું : 'હવે આ બંધ કરશે? મારે હવે સ્વયંવર કરવાનો નથી રહ્યો!' આ ઊંઘ તો મને ઘેરી રહી છે!

ત્યાં તે એકદમ ચોંકીને બોલ્યા :

'કવિ, તમેય જમાનાથી પર તો ન જ થઈ શક્યા. તમારો જમાનો જ સપત્નીઓનો હતો. શોક્ય શોક્ય ને શોક્ય. બે શોક્યને ભેગી કર્યા વગર તમને ચેન નથી પડતું. તે વિના તમને રસ જ હાથ આવતો નથી. આ બિચારો તદ્દન કુંવારો છે તોય એને ઓળખાવતાં તમે કહેવડાવો છો :

'વરી મહા આ કુળવાનને તું, પૃથ્વી સમી હે પૃથુ અંગવાળી!

રત્ને ખચ્યા અબ્ધિની મેખલાવતી તું શોક્ય થા દક્ષિણ તે દિશાની!'

જોયું? કઈ શોક્ય ખોળી કાઢી? દક્ષિણ દિશાની શોક્ય થા? મરે રે કવિ તું!'

અને તે એકદમ શાન્ત થઈ ગયા. બેય હાથ ઉપર માથું મૂકી તે સૂનમૂન બેઠા. મને થયું હવે પૂરું થશે. પણ તે જાણે કશાને ન જોતા હોય તેમ આંખને દૃષ્ટિહીણ કરીને બોલ્યે ગયા :

'કવિ ક્રાન્તદર્શી ખરો, પણ એને ગળથૂથીમાંથી મળ્યું હોય તેને બિચારો કેવી રીતે છોડી શકે? પણ એ શું ખોટો હશે? ખરેખર ? ના. ના. એ સાચો છે. સપત્ની વિનાની સ્ત્રી જગતમાં હોઈ જ ન શકે. મોનોગૅમી ભલે ને ગમે તેટલી ઊભી કરો. પણ પુરુષોને સ્ત્રીપ્રિયાઓ નહિ ચિત્તપ્રિયાઓ તો એક કરતાં વધુ હોવાની જ. એણે દક્ષિણ દિશાને સપત્ની તરીકે ઓળખાવી આજે શું અમારે સપત્નીઓ નથી? આ કોકને વિદ્યા, કોકને કળા, કોકને વેપાર, કોકને આ ને કોકને તે! તમે શું ધારો છો?' એ પ્રશ્ન સાથે તેઓ મારા તરફ ફર્યા. મારી ઊંઘની સામે લડવાની છેલ્લી શક્તિ વાપરતાં મેં કહ્યું 'શું?' અને મારી આંખ ઢળી, આંખ મીંચાતાં મને ઘડિયાળનો કાંટો સાડા અગિયારની નજીક આવેલો દેખાયો. આંખો ફાડીફાડીને હું જાગવાનો પ્રયત્ન કરવા લાગી. મનમાં સપત્ની શોક્ય શબ્દ વિકરાળ નૃત્ય કરી રહ્યો હતો. મારે શોક્ય? મારે પણ શોક્ય હોય? પરણ્યાની પહેલી રાતે? અને એ વિચાર-તાંડવથી મૂંઝાતી હું તેમના શબ્દોને માત્ર અર્થહીન બબડાટ બની જતા સાંભળી રહી. મારી ઘેરાતી આંખોએ છેલ્લે છેલ્લે કશુંક આવું જોયું હોય એમ યાદ આવે છે કે એમનો હાથ એલારામની ચાવીને બંધ કરવા જતો હતો.

એમની બેય હાથ પર માથું ટેકવી બેઠેલી, એમ ને એમ ચોપડી સામે તાકી રહેલી મૂર્તિ મારી સાથે ઊંઘમાં ચાલી આવી. એ...ય પાનાં ઉપર પાનાં મૂંગા મૂંગા ઉથલાવ્યે જાય  છે. ઘડિયાળનું ચકચક ચાલ્યા કરે છે એક મૂકી બીજી, બીજી મૂકી ત્રીજી ચોપડી ઉપાડ્યે જાય છે....

ઝબકીને જાગું છું. સુંવાળા વિશાળ  પલંગમાં પડી છું એમ ભાન થાય છે. પણ એ ક્યાં? બાઘી બની હું બેઠી થઈ જોઉં છું. પલંગમાંથી  નીચે ઊતરું છું. બહારનું તારાનું અજવાળું આછું  આછું અંદર  આવતું હતું. પાસેના ખંડમાં પેલી ખાખી પાટ ઉપર તે સૂતા હતા. ઘડિયાળના રેડિયમના આંકડા  ઉપર અઢીનો વખત ચિતરાયેલો હતો. અંધારી રાતે જાણે એ મારી મશ્કરી ન કરતું હોયઃ 'લેતી જા!  કોણ જીત્યું? એણે તને ખાટલામાં સુવાડી, અને પોતે તો સૂતા આ  ઓરડામાં. એમની વિદ્યાની સાથે, તારી સપત્ની સાથે?'

ખરેખર, પાટની પાસે એક નાની ટિપાઈ ઉપર બુઝાયેલો ટેબલલેમ્પ હતો, અને તેમના પડખામાં ચોપડી પડેલી હતી!

કેટલો પ્રેમાળ માણસ!

'ત્વમેવ ભર્તા, ન ચ વિપ્રયોગઃ!'

અરે  એટલું મેળવવા કેટલાં તપ કરવાં પડશે?

અકથ્ય મૂંઝવણની મારી હું બે ઘડી એમને જોઈ રહી. મને એમણે જ પલંગમાં સુવાડી હશે. અને મારી ઊંઘ ન ભાગે એટલા માટે....

પણ મારું હૃદય હાથ ન રહ્યું. હું અગાસીમાં નીકળી ગઈ. લાખો તારાઓ અગાસીમાં ઊભેલી મને એકલી જોઈને પલકી રહ્યા હતા. એ તે મારી મશ્કરી હતી કે વધામણી?

હજી નાની નણંદ ઊંઘમાં કણકણી રહી હતી. તેનો અવાજ ઉપર આવતો હતો. અરે બિચારી! દાદરાઓ ખખડે નહિ એમ સંભાળી સંભાળી હું નીચે ગઈ. અને એને ખભે ઉપાડીને ઉપર લઈ આવી. બે જણને સુવાને માટે બનાવેલા એ પલંગમાં અમે બેય નણંદ-ભોજાઈ ઊંઘી ગયાં. ઓહ, એ નાની નણંદની મીઠી  કોમળ હૂંફ એ અધવારી ગયેલી રાત માટે ઓછી ન હતી!

*('ઉન્નયન')*



*By Tiffanie Turner*

# કાવ્ય

## આધી ઘડી • રમણીક સોમેશ્વર

મળી મળી ભૈ મળી
અચાનક અમને આધી ઘડી,
ખોવાયેલી  જણસ
અમસ્તી નજર કરી ત્યાં જડી.

અમે અમારા અંધારાના
તળને પરસી લીધું,
ચપટી અજવાળું ધીરે
આંખોમાં આંજી દીધું :

ખડખડ કરતી ભીંત બધીયે
પલકવારમાં ખડી.
મળી મળી ભૈ મળી.

માટીમાંથી બીજ ફૂટે ને
એમ ફૂટતું ભાન,
દડ્યું, દડ્યું આ ટીપું
એના રવને ઝીલે કાન :


તડાક દઈને તૂટી ગઈ લે
વાસેલી સૌ કડી.
મળી મળી ભૈ મળી....

*['કુમાર',માર્ચ ૨૦૧૬]*

## પ્રવાસ

# હીરોશીમા • ઉમાશંકર જોશી

ગુજરાતીના પ્રતિભાશાળી લેખક **ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮)** કવિ-વાર્તાકાર-એકાંકીકાર-નિબંધકાર. એમણે દેશ-વિદેશના જે પ્રવાસો કરેલા એ વિશે એમણે જે લખ્યું એમાં એમનીસર્જક-ચેતના તેમ જ સાંસ્કૃતિક ચેતના પણ પ્રગટ થઈ. એમના 'યાત્રી' પુસ્તકમાંના આ નિબંધમાં એનો પરિચય મળશે.




હીરોશીમાથી કોઈચિરો તાનાબેએ આ ઉનાળામાં સૌ મિત્રોને પત્ર મોકલ્યો છે. દર નવા વરસે તો એમના પરિચિત હસ્તાક્ષર મળે જ. વરસની વચ્ચે આ શું છે? જોયું તો તાનાબે-દંપતીની સહીથી હીરોશીમાના દૂઝતા ઘાની કથા. હીરોશીમા પર અમેરિકાએ ઑગસ્ટ-૧૯૪૫માં નાખેલા અણુબૉમ્બની તારાજીમાંથી બચેલા, પણ કોઈ ને કોઈ રીતે તેની અસર નીચે પીડાતા, લોકોની સારવાર માટે મૉરિસ-દમ્પતી અને તાનાબે-દમ્પતીએ ૧૯૫૭માં 'હીરોશીમાસદન' શરૂ કર્યું. શ્રી મૉરિસ ૧૯૭૨માં મૃત્યુ પામ્યા. તાનાબેએ કામ આગળ ચાલુ રાખ્યું. મૉરિસ અને તાનાબે બંને લેખકો, માનવતાવાદી સેવકો. જાપાનની પી. ઈ. એન.જેવી સંસ્થાઓની મદદથી કલાકૃતિઓ, ચિત્રાક્ષરઆલેખ આદિનાં પ્રદર્શનો ભરી રકમ ઊભી કરે. કલાકારો પોતાની કૃતિઓ તે માટે ધીરે. આજસુધીમાં ૯૨૦૦૦ અણુબૉમ્બ-પીડિતોને કશા ખર્ચ વગર હીરોશીમાસદને રાહત આપી. મેની બીજીએ સદને વીસ વરસ પૂરાં કર્યાં. તાનાબે-દંપતી લખે છે કે અણુયુદ્ધના જે દરદીઓ બચ્યા છે તે જૂજ છે અને વૃદ્ધ થતા આવે છે. હવે પોતાનો સમય મુખ્યત્વે અણુશસ્ત્રની બંધી, યુદ્ધનિવારણ અને શાંતિમય જીવનરચનાના પ્રચારમાં મુખ્યત્વે પોતે વિતાવશે.

***

સંસ્થાને સ્થપાયે માંડ ચાર મહિના થયા હતા ને ત્યાં જવાનું મારે થયું. ૧૯૫૭ના સપ્ટેમ્બરમાં પી. ઈ. એન.નું આંતરરાષ્ટ્રીય સંમેલન તોક્યોમાં ભરાયું તેમાં હાજરી આપનાર ભારતના પ્રતિનિધિઓમાં હું પણ હતો. પૂર્ણાહુતિની બેઠક ઓસાકા પાસેના જૂના રાજધાની નગર ક્યોતોમાં ભરાઈ. જાપાનમાં પ્રવેશ્યો ત્યારથી, તે દિશા લીધી ત્યારથી હૃદય ઉપર ઓથારની જેમ એક નામ હતું : હીરોશીમા. સંમેલનનાં કાર્યકુશળ મંત્રીબહેનને મેં વાત કરી. એ કહે, તમે જરૂર જાઓ. આપણા નવલકથાકાર તાનાબે ત્યાં છે, બધી વ્યવસ્થા કરશે. લેખકસમુદાયથી હું છૂટો પડ્યો. મારા મિત્ર શીડા, જેમણે જવાઆવવાના ગાડીના સમયો નક્કી કર્યા હતા, તેમણે સવારે દસેક વાગ્યે હીરોશીમા જતી ગાડીમાં મને બેસાડી દીધો.

દિવસ ધૂંધળો હતો. હીરોશીમા જાપાનની છેક દક્ષિણ તરફ. ગાડી દરિયાકાંઠા પર, ટેકરીઓ વચ્ચે, વસ્તી સોંસરી પૂરપાટ ચાલી જાય. મોટો દરિયાઈ પવન (તયાફૂ) તાજો જ વિનાશ વેરી ગયેલો તેનાં ચિહ્નો ક્યાંક ક્યાંક




દેખાય. અતિવૃષ્ટિ પછીનું પ્રકૃતિનું સ્વરૂપ – ધોવાણની અવ્યવસ્થાનું – નજરે ચઢે. હીરોશીમા – એ નામમાં જે કશીક બેચેની છે એને અનુરૂપ આખી યાત્રાનું વાતાવરણ રહ્યું. હીરોશીમાના મોટા સ્ટેશને સાંજે ગાડી અટકી ત્યારે વરસાદ વરસતો હતો. સામાન તો સાથે ન-જેવો હતો. ઊતર્યો. બહુ ઊભા રહેવું ન પડ્યું. મને સ્વયંસેવક આખા શહેરનો વિસ્તાર વીંધી ઓતા નદી દરિયાને મળે છે ત્યાં કિનારે આવેલા વિશ્રામ-ગૃહ ઉપર લઈ ગયા. ત્યાં તાનાબે અને એમનાં પત્ની મળ્યાં. એક પ્રોફેસર મળ્યા. તેઓ કોઈ બીજા યાત્રિકો સાથે જવાના હતા. વિશ્રામગૃહની બારીમાંથી નદીઓ સમુદ્રને મળવાથી થતી હીરોશીમાની અનોખી રચનાનો ખ્યાલ આવતો હતો. એક ભૂશિર બહુ દૂર સુધી સમુદ્રની અંદર જતી હતી. પ્રોફેસરને તે તરફ જવાનું હતું. તાનાબે કહે, આપણે શહેરના મધ્યભાગ તરફ જઈએ.

અણુબૉમ્બનું સ્ફોટબિંદુ શીમા હૉસ્પિટલની ઉપર હતું. આસપાસની તારાજીના કેટલાક વરવા નમૂના સાચવ્યા છે. એક ઊંચા મકાનના ગુંબજની ખાલી ખોપરી અને પડખાનાં ઉઘાડાં પાંસળાં બિહામણાં લાગતાં હતાં. વિનાશપુંજ વચ્ચે સ્મારક રચેલું છે. સિમેન્ટનું, અત્યંત સાદું, આકાર કરતાં રેખાઓ આગળ તરી આવે એવું. જેમનાં નામઠામ નક્કી કરી શકાયેલાં એવાં ૭૦૦૦૦ મૃત જનોનું એ સ્મારક હતું. તેની ઉપર શબ્દો લખેલા હતા :

યાસુરાકાનિ નેમુતે કુદાસાઈ

આયામાચીવા કુરીકાયેશી માસેનુકારા.

– શાંતિમાં પોઢો કૃપા-કરી

ભૂલ દુહરાવીશું કદી નહીં.

શાંત ઊભા રહી મૌન પ્રાર્થના કરી. એશિયાને પશ્ચિમ ખૂણે બનેલા ગોલ-ગોથા (ખોપરીઓના ટેકરો) પરના પ્રસંગનું એશિયાના પૂર્વ ખૂણાના મૃત્યુપુંજ સમક્ષ સવિશેષ સ્મરણ થયું.

મ્યુઝીયમમાં ગયા. એક કાંડા-ઘડિયાળ હતું. આઠ વાગ્યાનો કલાક-કાંટો ખસીને ૧૬ મિનિટ બતાવતી જગાએ પહોંચેલો છે. મિનિટ અને સેકન્ડના કાંટા તૂટી ગયા છે. એક બિયરની બાટલી હતી. અગ્નિની ગરમીમાં વાંકી થઈ ગઈ હતી. મોં તરફનો કેટલોક કાચ ગળવાથી તેનો દાટો થઈ ગયો હતો. અંદર થોડોક બિયર સચવાયેલો છે – બેક ઇંચ જેટલો. સૌથી અસહ્ય દૃશ્ય, આ આંખોથી જોયેલું સૌથી જુગુપ્સાભર્યું દૃશ્ય, તે નળિયાં, ઈંટ, સિમેન્ટ અને હાડકાં બધું એકરસ થઈ ગયેલું તેના ગઠ્ઠા પડ્યા હતા તેનું હતું. અંદરથી હાડકાંનો સફેદો દેખાય, માણસની આત્મવિનાશક હોશિયારી પર હસી રહ્યો ન હોય ! બચેલી અમળાયેલી સાઈકલ હતી. પૅડલને હાથ અડાડી, જે ત્યાં ન હતો તે ચરણનો સ્પર્શ કરવા પ્રયત્ન કર્યો.

હૉસ્પિટલમાં ગયા. ગયા સપ્ટેમ્બરમાં જ હજી એ બંધાઈ. વરસમાં બાર હજાર જેટલા દરદી તપાસ્યા, તેમાંથી ત્રણસોને ઇસ્પિતાલમાં રાખ્યા. હજી રોજ સો જેટલા તપાસાય છે. સ્થાનિક દાક્તરોની સારવાર નીચે પછીથી તેઓને મૂકવામાં આવે છે. આમાં કાંઈ ચેપી હોતું નથી. રેડિયો પ્રક્રિયાની પાછોતરી અસરના દાખલાઓ હોય છે. કેટલાકને ચામડી એક જગાએથી લઈ બીજે જરૂર હોય ત્યાં લગાડવાની હોય છે. કેટલાકને પાંડુરોગની સારવાર આપવી રહે છે. કીડનીનું દરદ, લુકેમિયા, – એના પણ કેસ હોય છે. નવી ચામડી મઢેલા ચાર છોકરાઓ શેતરંજ, રમતા હતા, એક દરદી બાઈએ મારી પાસેથી હસ્તાક્ષર લીધા. થોડી બહેનો વાતોએ વળી અને પછી હસતી હસતી પોતાને ઠેકાણે ગઈ.

આજે ઈસ્પિતાલમાં ૯૨ દરદીઓ હતા. આજે જ બે દરદીઓનાં મૃત્યુ થયાં. બાર વરસ પછી અણુધડાકાની અસરથી આ રીતે મૃત્યુ થતાં રહે છે.

બહાર નીકળતાં સ્મૃતિપોથીમાં મને લખવાનું કહેતાં આવી ઈસ્પિતાલો જોયા વગર જેના હૃદયમાંથી શાંતિપ્રાર્થના જાગી તે કરુણાભર્યા ઋષિને વંદન કરી સર્વેઽત્ર સુખિનાઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ – એ શ્લોક અને એનો અનુવાદ લખ્યો.

તાનાબેએ સુધરાઈના પ્રમુખ સાથે મળવાનું ગોઠવ્યું હતું. કચેરીએ ગયા ત્યારે જાણ્યું કે પ્રમુખ બહારગામ હતા. ઉપપ્રમુખ ત્યાં હતા, તેમને રાજાજીનું પુસ્તક 'મહાભારત' આપ્યું. તેમણે કહ્યું : આ જોઈ, વતન જાઓ ત્યારે દેશભાઈઓને આવું ન થાય તે માટે કહેજો. શ્રી નહેરુ આવવાના છે એમ એમણે કહ્યું.

રેસ્ટહાઉસ (વિશ્રાંતિગૃહ – પછીનું હીરોશીમાસદન) ઉપર અમે પાછા આવ્યા. મૂળ અમેરિકાના પણ અમેરિકાને તજી નીકળેલા શ્રી મૉરિસની મદદથી શરૂ થયેલા આ વિશ્રાંતિગૃહના મૂળ યોજકો તરીકે યુનિવર્સિટીના પ્રમુખ, નગરપતિ, રાજ્યપાલ, રેડક્રૉસના વડા, અણુ-ઈસ્પિતાલના દાક્તર, કાવાબાતા જેવા મહાન સાહિત્યકાર વગેરે છે. બેટમાં ૩૦૦ અનાથો છે, શહેરમાં સેંકડો. પાંચ અનાથગૃહો ચાલે છે. જેમાનું એક નગરસરકારની દેખરેખ નીચે છે, એક સામાજિક સંસ્થા હસ્તક છે અને એક જિલ્લા હકૂમતની સંભાળ હેઠળ છે.

ઈસ્પિતાલ અંગે મૂળ પ્રસ્તાવ અમેરિકાના પ્રખ્યાત માનવતાવાદી વિચારક, સૅટરડે રિવ્યૂના સંપાદક, નૉર્મન કઝિન્સે મૂક્યો હતો. પહેલાં સારવાર માટે દરદીઓને અમેરિકા લઈ ગયા પણ પછી કઝિન્સે ફંડ માટે પ્રયત્ન કર્યો અને અહીં જ ઇસ્પિતાલ શરૂ કરી. ક્વેકર પંથીઓનો એના સંચાલનમાં મોટો ફાળો છે.

તાનાબેએ કેટલાંક સામયિકો બતાવ્યાં. એકમાં પોતાનો 'વાસુરેજી નો જ્યુંક્યોશા' (ભૂલો ના શહીદ) લેખ બતાવ્યો. બહેનોનું એક માસિક 'વાકાઈ જોસેઈ' (નૂતન નારી) બતાવ્યું, જેની ૩,૮૦,૦૦૦ નકલો જતી હતી. અણુબોમ્બ પડ્યા પછીની પરિસ્થિતિ અંગે આ સામયિકો કાંઈ ને કાંઈ કરી છૂટતાં હતાં.

રાત પડી ચૂકી હતી. શ્રીમતી તાનાબેએ થોડુંક ખાવાનું – ચા બ્રેડ, કાંઈક જાપાની વાનગી, – એવું ધર્યું. ઓરડામાં બેઠાં હતાં. હું શાકાહારી છું એ જાણી એમણે કહ્યું કે તેઓ બંને બૌદ્ધધર્મી હતાં. હીરોશીમામાં ૯૫ ટકા વસ્તી બૌદ્ધધર્મી, પાંચ ટકા ખ્રિસ્તી અને ગણ્યાગાંઠ્યા શિન્ટો-અનુયાયી. પછી બંનેએ ગજવામાંથી એક નાનકડું તાવીજ જેવું કાઢ્યું. એના ઉપર લખેલું હતું : નમો અમિદાબુત્સુ, તાનાબે કહે, હું 'બુક્યોતો' (બુ=બુદ્ધ, ક્યો=બોધ-શિક્ષણ, તો=માનનાર) છું કોઈને કહેતો નથી, મનથી ધર્મ પાળું છું. પિતા તો ક્યોતોમાં બૌદ્ધ ઉપદેશક હતા. સામાજિક-રાજકીય વિચારસરણીમાં એ મધ્યમમાર્ગી લાગ્યા. સામ્યવાદીઓની શાંતહિલચાલથી તરીને પોતે ચાલે છે. ફાસીવાદના કટ્ટર વિરોધી છે. હિટલર સત્તા પર આવ્યા પછી તોક્યોમાં ત્રણસો બૌદ્ધિક મળેલા. તેમાંના બે જેલમાં મર્યા. તાનાબે મુખ્ય વીસ કાર્યકારોમાંના એક. એમને પકડવામાં આવેલા, પણ પછી છોડી મૂકેલા. આ વાતો દરમિયાન આખો વખત શ્રીમતી તાનાબેને પતિના કામમાં તદાકાર જોવાં એ એક લહાવો હતો.

પાછા વળતાં રાતની ગાડી પકડવાની હતી. રજા લીધી. તાનાબે-દમ્પતી જાણે ભવભવનાં સંબંધી ન હોય! એમનાથી છૂટવા પગ ઊપડતો ન હતો. મૃત્યુના મહારણ વચ્ચે અમી-વીરડી જેવાં એ લાગતાં હતાં. એમની અને સંસ્થામાં સૌની વિદાય લીધી.

રાતે હીરોશીમાએ રૂપ કાઢ્યું હતું. લાલલીલા-પીળાધોળા નિયૉનપ્રકાશ તગતગી રહ્યા હતા. જાણે અહીં કશું કાંઈ બન્યું ન હોય, જાણે કોઈ મૃત્યુતાંડવ ખેલાયું જ ન હોય. ક્યાં ગયાં પેલાં અણુખંડેર? ક્યાં છુપાયા પેલા અણુ-દરદીઓ? પહેલાં તો કંઈક અડવું, વરવું બધું ભાસ્યું. મોટર સ્ટેશનના દીવાઓ તરફ ધસતી હતી. દૂર થતાં નિયૉનપ્રકાશનાં ઝૂમખાં એકાએક ત્યાં મૃત્યુના સૂનકાર વચ્ચે પારણામાં હીંચોળાતા નવજાત શિશુના કલ્લોલ જેવાં મરકી રહ્યાં. નવું જીવન, નવો દાવ.

સ્ટેશને હજી ગાડી આવવાને વાર હતી. મુસાફરો વચ્ચે એક પાટલી પર જગા લીધી. પાસે એક તરુણ ચોપડી વાંચી રહ્યો હતો. મને એણે વિનયથી શબ્દ પૂછ્યો, – જાણતો હોઉં તો. એક પ્રારંભિક અંગ્રેજી ચોપડીનો અભ્યાસ એ કરી રહ્યો હતો. એમાંથી વાત ચાલી. કહે કે અણુબૉમ્બ પડ્યો ત્યારે નાનકડો છોકરો પોતે હતો, શહેરને બીજે છેડે રહેતો હતો, બચી ગયો, ઊંચી દૈત્ય મૃત્યુજ્વાલા પોતે જોઈ હતી. એની આંખોમાં એના ઓળા હજી વરતાતા હતા.

ગાડી આવી.હું ગોઠવાયો. ત્યાં પેલા પ્રોફેસરની દૂબળી પાતળી કાયા દૂરથી દોડતી આવતી જણાઈ. કહે કે માંડ હમણાં હું છૂટો થયો. જાપાનીઝ કાવ્યપ્રકાર ‘હાઈકુ’ ઉપર લખેલું અંગ્રેજી પુસ્તક એમણે મારા હાથમાં મૂક્યું. એ સારસ્વતનો સરળ પ્રેમ સ્પર્શી જાય એવો હતો. ગાડી ઊપડે તે પહેલાં પેલો મારો નવ તરુણમિત્ર કાંઈક મીઠાઈ જેવું લઈ આવ્યો. એને ખૂબ ખૂબ ફતેહ ઈચ્છી. એનો ચહેરો હૃદયમાં જડાઈ ગયો છે.


ગાડી ઊપડી. હીરોશીમામાં કેટલોય બધો સમય ગાળ્યો હોય, બલકે માનવજાતિની શરમભરી વેદનામાં એક વાર ઝબકોળાવાથી ભૂતકાળ આખો એક વાર તો જૂઠા જેવો લાગતો હોય, એવી લાગણી થતી હતી, હીરોશીમાની યાત્રા કરી હતી. એમ નહિ, હીરોશીમાની હવે યાત્રા કરવાની હતી. ક્યાં? જ્યાં ‘હીરોશીમા’ન હોય એવા ભાવિજગતમાં.

૩-૯-૧૯૭૭

*['સંસ્કૃતિ', સપ્ટેમ્બર ૧૯૭૭; 'યાત્રી'૧૯૯૪(મરણોત્તર)]*



*By Tiffanie Turner*





*By Katie Daisy*

## હળવો નિબંધ

# ડામચિયો • રતિલાલ 'અનિલ'

નર્યા શ્રમજીવી વણકર પરિવારમાંથી વાચનની તલપને જોરે પત્રકાર-સંપાદક-કવિ-નિબંધકાર તરીકે ઊભરી આવનાર રૂપાવાળા રતિલાલ મૂળચંદદાસ (૧૯૧૯-૨૦૧૩) 'અનિલ' ઉપનામથી ગઝલ-સર્જક તરીકે પંકાયા. ગઝલનાં રૂપ-સ્વરૂપના પણ ઊંડા જાણકાર. 'ગુજરાતમિત્ર'માં પાત્રકાર રહ્યા ને પછી 'કંકાવટી'સાહિત્ય-સામયિક અંદરની તાકાતથી ચલાવ્યું, આર્થિક વિટંબણાઓ વેઠી પણ સ્વમાન-ખુમારી ટટ્ટાર રાખ્યાં. ધૂની લહેરી

કવિમિજાજની સાથે લેખક-સંપાદકનાં ચોકસાઈ-સજ્જતાનો મેળ પણ પાડ્યો જ. એ બધું એમના ગંભીર અને હળવા બંને જાતના નિબંધોમાં છતું થયું.



અમારા ઘરમાં ખુરશી નહોતી તેથી કોઈ ચોપગું ફર્નિચર નહોતું એવું નહોતું. રોટલી વણવાની બાસ્ટીને ત્રણ જ પગ હતા અને છે. કેટલાક લોકો એકી સંખ્યાને જ શુકનિયાળ માને છે એમાં બાસ્ટીનો પણ સમાવેશ થાય તે છતાં હજી જંગલમાં ચોપગાં પ્રાણીઓનું વર્ચસ્વ છે એમ ફર્નિચરમાં ચોપગાંનું વર્ચસ્વ રહ્યું છે અને નારીજાતિને ભલે માણસજાત અન્યાય કરી હોય પણ એ નારીજાતિની ખુરશીનું સર્વોચ્ચ બહુમાન એ કરે છે. આપણે કાયાને લંબાવી દઈએ કે ઊંઘવા માંડીએ એટલા સ્વનિર્ભર હજી થયા નથી. અલબત્ત જેમના ઘરમાં લાલ જાજમ પાથરેલી હોય તેમને માટે એવી સ્વતંત્રતાને અવકાશ છે ખરો.

એક વાર વાંસ દોરડીનો સમાજવાદી ખાટલો વસાવવાની ઈચ્છા થયેલી! સાડા ત્રણ રૂપિયે અડવો ખાટલો, અને એનાથી વધારે મોંઘી નાળિયેરના રેષા (તાર જેવા, પણ રેષા !)થી બનેલી દોરડીથી જાતે સજાવવાનો. બીજાને કહેવાનું કે દોરડી ખેંચ! પણ એ ઘણી જગ્યા રોકે, એટલે જમીન પર ગાભા પાથરીને ઊંઘવાનું જ સનાતની કે પરંપરિત શયન ચાલુ રહ્યું પણ એ ગાદલાંગોદડાં(!)ને સીંચવા માટે કોઈ સાધન જોઈએ ને? વળી આખી રાત જમીન પર રહે એને દિવસે તો જરા ઊંચું સ્થાન મળવું જોઈએ એટલે અગિયારેકનો, પેલા સાડાત્રણ રૂપિયે વાંસનો ખાટલો ઓફર કરનાર પાસેથી ડામચિયો વસાવ્યો, ઘરમાં ચાર પગું ફર્નિચર આવ્યું. એ પર ગાદલાં ગોદડાંની થપ્પી થાય. એમાં બાળકો માટેની ગાભા ગોદડી સૌથી ઉપર શીર્ષસ્થ સ્થાન ધરાવે કારણ કે એમને વહેલા ઊંઘવાનું જોઈએ ! વહેલા ઊંઘવાનું રાખે તેની ગોદડી ચાદર સૌથી ઉપર રહે. સૌથી ઉપર રહેવાનો ટારગેટ તો હવે બધા રાખતા થયા છે ત્યારે આ વહેલા ઊંઘવાની પોતાની ગોદડીને સૌથી ઉપર સ્થાન મળે એ સહુલિયત ધ્યાનમાં રાખવા જેવી છે.

આ ડામચિયો ખૂણો પાળે; પણ એથી એની જવાબદારીમાં કશો ફેર ન પડે; આખો દિવસ ગોદડાંનો બોજ ઊંચકે. ઘરના માણસ એમ માનેકે અમે ગોદડી પર રાત્રે આરામ કરીએ છીએ, પણ વાસ્તવમાં તો ડામચિયો ઊભા




પગે આરામ કરતો ! કશો બોજ નહીં, નરી હળવાશ; આરામ એટલે શું? કશો બોજ નહીં, નરી હળવાશ ! અને ડામચિયાને પોતાનો ભાર લાગે એવું તો હતું જ નહીં. જૂનું ઘર છૂટ્યું ને ડામચિયો છૂટ્યો; અમેય બરાબર ડામચિયા સ્વરૂપના થઈ ગયા છતાં શી રીતે નવા ઘરમાં એડજસ્ટ થઈ શકીશું એનો વિચાર કોઈએ ન કર્યો. ડામચિયાની વિદાય લેતાં માત્ર અમને જ વિષાદ થયો, ઘરનાં બીજાં તો રાજી હતાં ! માણસો કેવા ભૂલકણા છે ? સ્વર્ગે જશે ત્યારે આ પૃથ્વી પર જેમની સાથે જીવન ગાળ્યું, આપણે જીવી ગયા એ બધાનો સાથ ભૂલી જશે શું? આપણા દેશનું પ્રતીક ડામચિયો છે એ માત્ર અમે એકલા જાણીએ; એ રસ્તા ફર્નિચર પર ગમે એટલો બોજ નાખો તે સહે. ચાર પગ અને આડી ત્રણ વત્તા બીજી બે અણઘડ પાટલી. બીમ વહેરતાં જે અણઘડ લાકડું વધે એના ભાગમાંથી એ ડામચિયો બને. અને કબીર જેમ રોજ પોતે વણેલું જાતે બજારમાં વેચવા જાય એમ સુથાર તરીકે સ્થાન ન પામેલો પણ પોતાની સૂઝસમજથી સૌરાષ્ટ્રની શહેરમાં આવેલો હરિજન ડોસો સસ્તા ફાલતુ લાકડા લાટીમાંથી લઈ આવે તેને કુનેહથી ઘાટ આપે. એમ ડામચિયો તૈયાર કરે અને ખભે ઊંચકી વસ્તીમાં ફરે કે સાંજે ગરીબોના બજારમાં જઈને ઊભો રહે અને પાવલી અડધા રૂપિયાની છૂટ, સેલ ન હોવા છતાં મૂકે, હાથમાં આવેલા પૈસાથી જેમ ડામચિયાનું અણઘડ સસ્તું લાકડું ખરીદી લાવેલો એમ ગરીબોના બજારમાં પોતાના જેવા ગરીબો માટેનો એક ખૂણો હોય ત્યાંથી ખરીદી કરે અને લાકડાને સમારેલું એ રીતે જે ખરીદ્યું હોય તેને સમારી તેનો ખોરાક બનાવી જમે ! પેલા લાકડાને છોલ્યા હોય તેનાં છોડાં બળતણમાં ખપ આવે. એ હરિજન ડોસો સુથારી કામ જાણે પણ ફર્નિચરના કારખાને કે બંધાતા ઘરમાં એને કોણ રોજી આપે? એટલે લાકડાની વખારે અણખપનું લાકડું પડ્યું હોય તે સસ્તામાં લાવે. વાંસનો ખાટલો અને ડામચિયો બનાવે ને જાતે તે ખભે ઊંચકી વસ્તીમાં ફરીને વેચે. બજારમાંથી વસાવ્યો હોય તો એ વધારાની મજૂરી લીધા વિના ઘરે મૂકી જાય. મેળો આવે ત્યારે કપડાં ઝીંકવાનો ધોકો, વેલણ એવુંયે બનાવીને મેળામાં બેસે. ચારપાંચ રૂપિયાનો વાંસનો ખાટલો વેચવા ગરીબ, પછાત વિસ્તારમાં ફરે. આજે ક્યાં શોધું એને?

*['સાક્ષાત્કાર', ૨૦૧૪(મરણોત્તર)]*



*By Tiffanie Turner*

## લલિત નિબંધ

# ઘરની વિદાય • મીના દવે

ઘરની દીવાલોને પણ એક ધડકતું હૈયું હોય છે તેનો અહેસાસ આજે ઘર ખાલી કરતી વેળાએ થાય છે. આજે સોળ વરસ પછી જ્યારે આ ઘર છોડવાનું છે ત્યારે મને એનો ચહેરો મ્લાન દેખાય છે. એની દીવાલો રુક્ષ છે, રંગો ફીકા છે. એની હવામાંથી રહીરહીને નિઃશ્વાસ સંભળાયા કરે છે. હું આ ઘરને કહું છું: માફ કરજે, હું તારો અસ્મિતાહીન ચહેરો મૂકીને જાઉં છું. એટલા માટે કે હવે પછી અહીં આવનારાં તારા ચહેરાને નવું રૂપ આપવાનાં છે. પણ મને ખબર છે કે તારો ચહેરો બદલાશે, પરંતુ તારું હૈયું તો ઘણાં ઘણાં વરસ સુધી અમને જ યાદ કરીને ધડકશે. સોળ વરસો સુધી તેં અમારાં સ્પંદનો ભાવથી ઝીલ્યાં છે. એને ભૂંસાતાં લાંબો ગાળો વહી જશે.

સહુની જિન્દગીમાં હોય છે તેમ અમારી જિન્દગીમાં પણ સુખ અને દુઃખ અહીં જ એકબીજાના હાથમાં હાથ ભિડાવીને ફેરફુદરડી રમ્યાં છે. પ્રફુલ્લતા અને વિષાદે આ ઘરની દિવાલો ઉપર ચારે બાજુ પોતાના હસ્તાક્ષર કર્યા છે. મિત્રો અને સ્વજનોએ અહીં આવીને ખોબે ખોબે શુભેચ્છાઓ વહેંચી છે. અહીં કેટલાય નવા સંબંધો બંધાયા છે. વર્ષાકાળે ચારે બાજુ રંગબેરંગી ફૂલો ઊગી નીકળે, તેવાં જ સહજ અને સ્વાભાવિક જૂના સંબંધો વિશેષ ઘનિષ્ઠ બન્યા છે. તો વળી કેટલાક ખોટા મોતી ઉપર ચડાવેલા ઓપની જેમ ઊખડી પણ ગયા છે. અહીં જ નિર્વ્યાજ પ્રેમથી પારકાં પોતાનાં બન્યાં છે, અહીં જ ઉપેક્ષા અને અવજ્ઞાએ પોતાનાંને પારકાં બનાવી મૂક્યાં છે. તાજી ખીલેલી પ્રભાતની કળી જેવી અનેક નવી આશાઓએ અહીં જન્મ લીધો છે. અહીં કદીક નિરાશાએ પણ પ્રસન્નતાના સૂર છેડ્યા છે તો વળી આશાએ પણ આસું સાર્યાં છે.



અંધારી રાતે તારામઢ્યા આકાશની જેમ આ ઘરની દીવાલો આવાં કેટલાંક સંસ્મરણોથી ઝગમગી ઊઠેલી છે. એ સર્વેનાં સ્પંદનો અહીંની હવામાં રજકણોની જેમ ભળેલાં છે. સામાન પૅક કરું છું ત્યારે થાય છે. આ સ્પંદનોને શેમાં પૅક કરીશ? પૅક કરવાની ખરી મૂલ્યવાન ચીજ તો એ જ છે !

એક જીવતા માણસની જેમ આ ઘરે અમને સાથ આપ્યો છે. નિદ્રાથી સભર રાત્રિઓમાં ઓથાર અને નિદ્રાહીન રાત્રિઓમાં સંગાથ દીધો છે. અમારી સાથે એણે પણ દિવાળી અને ક્રિસ્ટમસ, હોળી અને દશેરા ઊજવ્યાં

છે. બહારની દુનિયાની તમામ ઘટનાઓ પ્રત્યે પણ એણે પોતાના દરવાજા ખુલ્લા રાખ્યા છે. ક્રિકેટથી માંડીને તે રાજકારણ સુધીની હારજીતમાં એણે પોતાનો હિસ્સો નોંધાવ્યો છે. ઇમરજન્સી વખતે જે ચર્ચાઓ થઈ તેની ગરમી આજેય સ્પર્શી શકાય છે. મનગમતી સાહેલીનું આકસ્મિક કરુણ મૃત્યુ કે પછી શ્રીમતી ગાંધીની નિર્ઘૃણ હત્યા – એવે વખતે આ ઘરની મૂંગી દીવાલોએ જે આક્રંદ કર્યું હતું તે આજેય કો'ક વાર રાત્રિના સન્નાટા વચ્ચે સંભળાય છે.

આ ઘરની સાથે જ જોડાયેલાં છે પેલાં આડેધડ ઊગી નીકળેલાં વૃક્ષ શિયાળાના ટૂંકા દિવસોમાં સાયંકાળનો મીઠો તડકો આ વૃક્ષોની ડાળીઓ ઉપર પોતાની સુંવાળી સોનાવરણી આંગળીઓ ફેરવતો હોય છે – તેની સુંવાળપ આ ઘરમાં સચવાઈને રહી છે. ચોમાસાની તોફાની હવા આ વૃક્ષોને કાપી નાખવાના સોસાયટીના સેક્રેટરીના અનેકાનેક પ્રયત્નોથી અમે બચાવ્યાં છે. લાગે છે, હવે એમનું આયુષ્ય ટૂંકું છે. આજે એ બધાં નિસ્તેજ દેખાય છે. માણેકબહેને વાવેલો આંબો અત્યારે રોનક વગરના થઈ ગયેલા દીવાનખંડ ભણી સૂની નજરે તાક્યા કરે છે. દર વરસે આવતાં શિયાળુ પંખીઓ હજુ પહોંચ્યાં નથી. માત્ર કો'ક કો'ક વાર રાત્રિના મૌન દરવાજાની બહાર ઊભું રહી કો'ક અજાણ્યું પક્ષી કરુણ સ્વરે કંઈક કાકલૂદી કરી બેસે છે.

આ વૃક્ષોની પાછળથી દેખાતો મરિનડ્રાઇવનો દરિયો પણ દૂર છે, છતાંય આ ઘરનો જ હિસ્સો છે ! એણે કેટકેટલાં રૂપ બતાવ્યાં છે ! વૈશાખના તપ્ત આકાશ નીચે એક અનોખો રંગ – વિલાસ અને શૃંગારથી ભરેલો, તો ચોમાસામાં એનું ભાવવિભોર સ્વરૂપ અને હેમંત-શિશિરમાં ભૂખરું, વેરાગી, તરંગહીન રૂપ. એના સઘળા moods આ ઘરની અંદર જાણે વસ્યા છે. સાથે જ આવીને વસી છે શરદના નિરભ્ર આકાશમાંથી નીતરતી ચાંદની, પહેલી વર્ષાની ભીની માટીની સુગંધ અને પૂર્વના આકાશની નિતનવી લાલિમા.

આ ઘરની દીવાલો આજે ભારે હૈયે અને સજળ નેત્રે અમને વિદાય આપવા ઊભી છે. એણે અમને પ્રેમ આપ્યો છે; એણે સોસાયટીએ લટકાવેલું નામનું પાટિયું નથી વાંચ્યું. એણે માત્ર અમને જ નહીં, આ ઘરમાં રહી ગયેલાં સહુ કોઈને પોતાનાં ગણ્યાં છે. અત્યંત પ્રેમાળ માણેકબહેનના દિલની નિખાલસતા અને ઉત્પાતિયો સ્વભાવ અને રમતિયાળ લતાનું મીઠું-મધુરું હાસ્ય આ ઘર રોજ સાચવીને રાખશે. અન્તે શુદ્ધ કાઠિયાવાડી ભાષામાં અપાતી તમામ સૂચનાઓ સમજતો મદ્રાસી પાલ, જેના મોઢામાં ક્રિકેટના દિવસો બાદ કરતાં જીભ જ નથી અને કાચની બંગડીઓના ખણખણાટ સાથે ઘરમાં પ્રવેશતી આનંદીબાઈ, જે માત્ર આનંદી હોવાને કારણે જ કામની બેદરકારી છતાંય ટકી રહી છે – આ સહુને આ દીવાલો યાદ કરશે. સૌથી વિશેષ તો, આ સોળ વરસમાં જૂજ દિવસો બાદ કરતાં, બાની પૂજાની નિયમિત રણકતી ઘંટડીના મીઠા રણકારે આ ઘરના અણુઅણુને ભક્તિથી તરંગિત કરી દીધા છે. અમે વિદાય લઈશું, પણ આ ઘર એ તરંગોને જતનથી સાચવશે.

હવે નવું રહેઠાણ. એ પણ સુંદર છે, પણ એણે હજુ 'મકાન'માંથી 'ઘર' બનાવાનું બાકી છે.

*['મનના આંગણામાં'; અહીં 'લલિત નિબંધ સંચય, સંપા. ભોળાભાઈ પટેલ, રમેશ ર. દવે, ૧૯૯૮-માંથી]*




*By Katie Daisy*

# કાવ્યસપ્તક

## ફળ • હેમંત ધોરડા

બૂમાબૂમ થઈ પડી, રાડારાડ મચી ગઈ
દોડો, દોડો
બધાં દોડ્યાં, બધબધેયથી બધબધાં દોડ્યાં
શું થયું? શું થયું?
અરે ફળ આવ્યું છે ફળ
શું વાત કરો છો? ફળ?
પેઢીઓથી પેઢીઓ જેની વાટ જોતી જોતી જુએ છે તે ફળ?
હા હા તે જ, તે જ ફળ, જુઓ ઝાડ પર

બધાં જોવા માંડ્યાં તે જોતાં જોતાં જોતાં જ રહી ગયાં
બધાંની આંખો પહોળી થઈ ગઈ
બધાંનાં મોઢાં ખૂલી ગયાં
ઘણાં તાળી પર તાળી પર તાળી પાડવા માંડ્યાં
ઘણાંબધાં પવનમાં પાંદડાં જેવું નાચવા માંડ્યાં
કોઈએ ફળની જય બોલાવી
કોઈએ ફળનો જયબોલ ઝીલીને ઉછાળ્યો
કોઈએ ઊંચેરો ઉછાળ્યો

જોતજોતામાં હરતેફરતે ફળાધિકારી, ફળાધિપતિ, ફળાધીશ, ફળાધ્યક્ષ
બેસી ગયા
ફળ બધાંનું, ફળ બધાંને જોઈએ
એક ફળ અને કેટકેટલી આંખ, કેટકેટલા હાથ
અને પેટ, કેટકેટલાં પેટ

કરી કરીને હવે શું કરવું?
ધરી ધરીને ફળ બધાંને કેમ કરીને ધરવું
ડાહ્યાઓએ ભરતાં ભરતાં સભા ભરી
ઓછાવત્તા ડાહ્યાઓ પણ લાગલા આવી બેઠા
'ઉંબરાથી ડુંગર લગી' હારોહાર હાર પલાંઠીભેર
ફળનો ફોડ પાડવા બેઠા, બેઠા તોડ કાઢવા

કાઢતાં કાઢતાં આવી તે ટકાવારી
આટલા ટકા અમારા, તેટલા ટકા તમારા
ફોડ પડ્યો, તોડ જડ્યો
ડાહ્યાઓ થતા થતા ખુશ થયા
ઓછાવત્તા ડાહ્યાઓ ખુશખુશાલ થઈ ગયા
બધાં કહેવા લાગ્યાં, કહેવા લાગ્યાં બધાં
પેલાં પણ કહે, કહે પેલાં પણ
આટલા ટકા અમારા, તેટલા ટકા તમારા
કહેતાં કહેતાં કોઈએ ગણ્યું, કોઈ ગણગણ્યું
કોઈ ખણખોદિયાએ ખણખોદ્યું
અમારા ટકા તમારા ટકાથી વધારે જ નીકળે
જેમ ગણો તેમ, તેમ ગણો એમ, સેંકડે સમાય નહીં
બાર હાથનું ફળ અને તેર હાથના ટકા
આમ અને આમ, તેમ અને તેમ, ટકાવારી ટકી નહીં
ફોડ ફૂટી ગયો, તોડ તૂટી ગયો.

ઝાડ પર ફળ ઝૂલતું રહ્યું હતું.
ઝૂલતાં ઝૂલતાં ફળ વધુ ઝૂલવા માંડ્યું હતું.
વાવાઝોડું ફૂંકાવા માંડ્યું હતું. ઝાડ ડોલવા માંડ્યું હતું.
ડોલતાં ડોલતાં ઝાડ વધારે ડોલવા માંડ્યું હતું. વધૂકું ડોલતાં ડોલતાં...

બૂમાબૂમ થઈ પડી, રાડારાડ મચી ગઈ
દોડો, દોડો
બધાં દોડ્યાં, બધબધેથી બધબધાં દોડ્યાં
શું થયું? શું થયું?
અરે, ઝાડ પડી ગયું છે જુઓ, જુઓ ફળ રહી ગયું છે
બધાં જોવા માંડ્યાં તે જોતાં જોતાં જ રહી ગયાં
ઝાડ પડી ગયું છે, ફળ હતું ત્યાંનું ત્યાં જ છે, હતું ત્યાંનું ત્યાં જ છે
વિના ટેકો, વિના ટાભા, વિના ટેભા
હવામાં
અધ્ધર

બધાંની આંખો પહોળી થઈ ગઈ
બધાંનાં મોઢાં ખૂલી ગયાં
બગલથેલા ખટાખટ ખૂલવા માંડ્યા
કટાકટ કેમેરા બહાર આવવા માંડ્યા
ચપાચપ ચાંપ દબાવા માંડી
ફટાફટ ફોટા પડવા માંડ્યા
ખર્‌ર્‌ર્ ખટ તૈયાર ફોટા બહાર આવવા માંડ્યા
બધાંની આંખો વધવધારે પહોળી થઈ ગઈ
બધાંનાં મોઢાં વધવધારે ખૂલી ગયાં
આંખ સામે ફળ હવામાં હતું
આંખ સામે ફળ ફોટામાં ન'તું

*['સંધિ', વર્ષ૧૦-૨૦૧૬,અંક ૧]*

# અનુભવકથા

## અનોખા પ્રયોગો • પ્રકાશ આમટે,
## અનુ. સંજય ભાવે


**મહારાષ્ટ્રના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રહીને ઉત્તમ સેવાકાર્યો કરનાર તરીકે બાબા આમટેનું નામ જાણીતું છે. એમનાં ડૉક્ટર પુત્ર-પુત્રવધૂ –પ્રકાશ અને મંદા આમટેએ પણ હેમલકસા વિસ્તારમાં રહીને આવી શારીરિક-સામાજિક સેવા-સારવારનું કામ કર્યું એની વાત 'પ્રકાશવાટા' નામે એમની મરાઠી આત્મકથામાં – કાર્ય-અનુભવકથામાં કરી છે. એ પ્રેરકકથાના સંજય શ્રીપાદ ભાવેએ કરેલા ગુજરાતી અનુવાદમાંનું એક પ્રકરણ અહીં મૂકીએ છીએ.**

હેમલકસામાં પ્રકલ્પ ઊભો કરવા પાછળ બાબાની એક ભૂમિકા હતી. બધી રીતે પછાત એવા આદિવાસીઓના જીવનમાં પ્રકાશ લાવવો જોઈએ, એવો એમનો વિચાર હતો. હું અને મંદા ડૉક્ટર હોવાને કારણે અમે તબીબી સેવા આપીને અમારું કામ શરૂ કર્યું. પણ સમાજ માટે કામ કરવું હોય તો એક જ સીધી લીટીમાં વિચાર કરવાથી ચાલતું નથી હોતું. એ સમાજની જે કોઈ જરૂરિયાતો હોય તે જરૂરિયાતોનો વિચાર કરવો પડતો હોય છે. અમારી બાબતમાં પણ એવું જ થયું. અમે શરૂઆત તબીબી સેવાથી કરી, પણ પછી શાળા શરૂ કરવાનું ડગલું પણ ભરવું પડ્યું. સમસ્યા જોઈને એનો ઉકેલ જાતે જ શોધવાનો માર્ગ અમે સ્વીકાર્યો હતો, તેથી લોકોની જરૂરિયાત મુજબ અમારે એક નહીં અનેક કામોમાં ઊતરવું પડ્યું. આદિવાસીઓને ખેતી કરવાનું શીખવવાનું હોય, એમના અંદરોઅંદરના ઝઘડા છોડાવવાના હોય, નવી સરકારી યોજનાઓના અમલીકરણ માટે એમાં ઊતરવાનું હોય – આવી અનેક બાબતો અમે કરી.

પહેલાં ખેતીના પ્રયોગ વિશે કહું છું.

એક સમયે અમારા વિસ્તારમાં અડાબીડ જંગલ હતું, આજેય છે. જોકે પ્રાણીઓ અને પક્ષીઓનું પ્રમાણ અતિશય ઘટ્યું છે. પહેલાં આખાય જંગલ પર વન્ય પ્રાણી અને પક્ષીઓનું રાજ હતું. બાબા ચૌદ વર્ષના હતા ત્યારે અહીં આવ્યા હતા. એ વખતે અહીં પક્ષી અને પ્રાણી મોટી સંખ્યામાં હતાં, એ એમણે જોયું હતું. પણ અમે અહીં કામ કરવાં આવ્યાં ત્યારે પરિસ્થિતિ બદલાઈ હતી. ચાળીસ-પચાસ વર્ષના ટૂંકાં ગાળામાં અહીંનાં ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ માડિયાલોકોએ ખાઈને ખતમ કરી દીધાં હતાં. ભૂખ ખાતર આ લોકો વાંદરાં, પાળેલાં કૂતરાં, સાપ, ઉંદર અને બીજું ગમે તે ખાતા. મકોડા અથવા કીડીઓ ભેગી કરીને એ ચટણીની જેમ ખાતા. કાગડા-ચકલી જેવાં પક્ષીઓ પણ તેમના સકંજામાંથી બચ્યાં નહીં. એટલે અમે અહીં આવ્યાં ત્યારે વાઘ, રીંછ જેવાં પ્રાણીઓને છોડીને બાકીનાં મોટા ભાગનાં પ્રાણીઓનો શિકાર થઈ ચૂક્યો હતો. એટલે જંગલ હતું, પણ

પંખીઓના કલરવ વિનાનું. અમારાં બાળકોને ચકલીની ખબર ન હતી, કે આસપાસનાં ઝાડ પર એક પણ ચકલી બચી ન હતી.




જોકે આમાં માડિયાઓનો દોષ હતો એવુંય નથી. એ લોકોને બીજું કંઈ ખાવા મળતું જ નહીં. તેથી જીવ ટકાવવા માટે બીજાનો જીવ લેવો એ સ્વાભાવિક બાબત તે કરતા હતા. ખેતી કરીને અનાજ મેળવવાની વાતની માડિયાઓને લગભગ ખબર જ ન હતી. ધરતી આપણી માતા. એને ખેડવાની હોય? આ માન્યતાને કારણે આ આદિવાસીઓ વરસાદ પડે એટલે કાંગ, વરી જેવું બિયારણ હાથથી જમીન પર ફેંકતા પણ એની માવજત વગેરે કરતા નહીં. જે ઊગે  તે ધાન ભેગું કરવાનું અને જીવવાનું એવી એમની રીત. શાક  તો એમણે સાંભળ્યાં જ ન  હતાં. એમાંય બહુ બહુ તો મકાઈ, વાલની શિંગો, ડાંગર એટલું જ ઉગાડતા. હાથે છડેલા ચોખાની કુશકીને પલાળીને બનાવેલ 'આંબલી' એ તેમનો મુખ્ય ખોરાક. સવાર, બપોર એ જ, મળે તો રાત્રે ભાત. ક્યારેક મહુડાનાં ફૂલનો રોટલો એ પણ દરેકના ભાગમાં એની ઉંમર પ્રમાણે આવે. એ ઉપરાંત ભૂખ લાગે તો કંદમૂળ, ફળ ભેગાં કરવાનાં, નહીં તો પ્રાણીઓને મારીને ખાવાનાં. તેલ, લોટ એ ચીજો તો  રસોઈમાં જ  નહીં. ગાયો હોવા છતાં દૂધ કાઢવું અગરાજ ગણવામાં આવતું એટલે આ લોકોના ખોરાકમાં દૂધ પણ ન હતું.

પોતાના ખોરાક માટે માડિયાઓએ પુષ્કળ પ્રાણીઓને માર્યાં તે જ  પ્રમાણે ધાર્મિક  કર્મકાંડ માટે પણ પ્રાણીઓનો ભોગ લીધો. આ કોમમાં અંધશ્રદ્ધા પુષ્કળ છે. એટલે ભગવાનને પ્રાણીનો બલિ ચડાવવાનું હંમેશાં ચાલતું. આ બંને રૂઢિઓને કારણે જંગલમાંથી પ્રાણી ખલાસ થતાં ગયાં અને તેને લીધે આદિવાસીઓનો ખોરાક પણ ખૂટતો ગયો.

દવાખાનું ચલાવતી વખતે અમારા ધ્યાનમાં એ આવતું કે માડિયાઓની મુખ્ય સમસ્યા કુપોષણ છે. એમની ઘણી બીમારીઓનાં મૂળ એમાં જ છે. માંદગી આવ્યા પછી એ દૂર  કરનાર દવાખાનું હોય તોપણ મૂળમાં માંદગી જ ન આવે તે માટે તેમને પોષણક્ષમ ખોરાક મળે એ જરૂરી હતું. સારો ખોરાક એટલે શું એ કહેવું જરૂરી બન્યું. એટલે માડિયાઓને ખેતી કરવાનું શીખવવું એમ અમે નક્કી કર્યું.

દાદા પાંચાળે બીજા કાર્યકર્તાઓ સાથે આ ઉપક્રમ હાથમાં લીધો.  આદિવાસીઓની જમીન પર જ, એમની સામે જ પ્રયોગ કરવાનું અમે નક્કી કર્યું. પણ એના માટે જગ્યા કેવી રીતે મળે? શરૂઆતમાં આદિવાસીઓને અમારી પર વિશ્વાસ ન હતો. અમે એમની જમીન પચાવી પાડીશું એમ તેમને લાગતું. પછી ધીમે ધીમે પરિસ્થિતિ બદલાઈ. બિયારણ અમારી જમીનમાં વાવતાં અને એના ધરુ થાય એટલે એ લઈને  શાળાનાં બાળકો સાથે ટ્રૅક્ટરમાં બેસીને વહેંચવા જતા. આ કામ દાદા પાંચાળની આગેવાની હેઠળ ચાલતું. એમાં દરેક ગામમાં અરધા અરધા એકરના પ્લૉટ તૈયાર કર્યા. તેની પર વાવેતર શીખવવાની શરૂઆત થઈ. શાળાનાં બાળકો – બને  ત્યાં સુધી એમનાં ગામમાં જ આવેલા પ્લૉટ પર મહેનત કરવા લાગ્યાં. તેનાથી  એની મેળે જ બધાં ઘરોમાં આ કામનો પ્રચાર થયો. ધરુ કેવી રીતે કરવાં, ક્યા ધરુને કયું ખાતર નાખવું, પાણી કેવી  રીતે પાવું, એ બધું અમે શીખવતા.

દાદાએ આના માટે વાવેતરની જાપાની પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જાપાની પદ્ધતિ એટલે પહેલાં ધરુ તૈયાર કરવાના અને પછી તેને ફરીથી વાવવાના. આ પદ્ધતિથી ડાંગરનો પાક હંમેશ કરતાં બમણો થાય છે.

શરૂઆતમાં ધરુ તૈયાર કરીને આપ્યાં, પછી બી પણ તે વાવે એટલા માટે અમે બિયારણ આપવાં લાગ્યાં. 'દાન નાદાન બનાવે છે' એવું બાબાનું સૂત્ર હતું. એટલે અમે 'અનાજ બૅન્ક' ખોલી. એટલે બિરાદરી જો એક માડિયાને ૧ કિલો બિયારણ આપે તો તેના બદલામાં પાક થાય પછી તેણે ૧ કિલો અનાજ આપી જવાનું. અમે શાકભાજી માટે પણ એમને બિયારણ આપતાં. એમને શાકભાજી કેવાં લાગે એ ખબર જ ન હતી. પણ પોષણક્ષમ ખોરાક તરીકે લીલાં શાકભાજી ખાય તે જરૂરી હતું. એટલે ચોમાસાની શરૂઆતમાં અમે એમને અનાજ અને લીલાં શાકભાજીનાં બિયારણનાં પડીકાં બનાવીને આપતાં, ફળના રોપા આપતા. એકાત્મિક ગ્રામીણ વિકાસ કાર્યક્રમ (આઈ.આર.ડી.પી.) નામની સરકારી યોજનાનો અમે ભરપૂર ઉપયોગ કર્યો. ૧૯૭૮થી૧૯૮૨ના ગાળામાં દર વર્ષે સરકાર પાસેથી અમને ૧૦ લાખ રૂપિયા મળ્યા.

માડિયા માણસ બહુ જ પ્રામાણિક. એ લોકો જેટલાં બી-બિયારણ લઈ જતાં તેના પ્રમાણમાં અનાજ લગભગ બધા જ આપી જતા. આ ધિરાણપરત ૯૯.૯% જેટલી હતી. એમને અનાજની ગણતરીમાં સમજ પડતી ન હતી. પણ એ અંદાજે લઈ આવતા. પછી અમે ગણી લેતા, અને વધારાનું અનાજ પાછું આપતા. આદિવાસીઓનો મુખ્ય ખોરાક ભાત. સુધારિત પદ્ધતિનો ઉપયોગ કરીને પાક લેવાને કારણે ઉત્પાદન વધ્યું. કેટલુંક અનાજ વેચતાં એમના હાથમાં રોકડા પૈસા આવવા લાગ્યા. આ લોકો પછી શાકભાજી પણ મોટા પ્રમાણમાં ઉગાડવા લાગ્યા. આ નાનકડી વાતથી આ લોકોની જિંદગીમાં ઘણો ફરક પડ્યો. એમને સારો ખોરાક મળવા લાગ્યો. જોકે એમણે પ્રાણીઓને મારવાનું પૂરેપૂરું બંધ કર્યું ન હતું, છતાં પ્રાણીઓ મારવામાં સારો એવો ઘટાડો થયો હતો. આદિવાસીઓના પોતાના પોષણક્ષમ ખોરાકની સગવડ થઈ અને પ્રાણીઓની હત્યા અટકી એવી બંને બાબતો ખેતીના પ્રયોગને લીધે સધાઈ.

આગળ ઉપર ૧૯૮૨ની સાલ પછી સરકારે અનુદાનની કેટલીક યોજનાઓ જાહેર કરી. એટલે અમારે અનાજ-બૅન્ક ચલાવવાની જરૂર રહી નહીં. આદિવાસીઓને સરકારની મદદ મળવા લાગી. ખરેખર તો ખેતી એ બિલકુલ પાયાની બાબત પણ છે. પણ અંધશ્રદ્ધા અને અજ્ઞાનને કારણે ખેતી કેવી રીતે કરવીએ માડિયાઓ જાણતા ન હતા. જમીન એ આપણી મા હોય પણ એના પર મહેનત કરવી પડે છે, એને પાણી પિવડાવવું પડે છે. પછી જ તે ફળ આપે છે, એટલે જમીન ખેડવાનો અર્થ તેને દૂભવવી એમ નહીં, પણ તેની કાળજી લેવી એવો થાય – એ વાત માડિયાઓને ગળે ઉતારવી પડી, અને પછી શાળામાં ભણીને બાળકો ગામોમાં ગયાં એટલે અમારું કામ સહેલું થતું ગયું. અમારે ખેતીમાં ધ્યાન આપવાની જરૂર ન રહી. એમાંથી અમે ધીમે ધીમે બહાર નીકળ્યાં.

ગામના લોકોનો વિશ્વાસ અમે જેમ જેમ મેળવતાં ગયાં તેમ તેમ બીજા પણ પ્રશ્નો લઈને તે મારી પાસે આવવા લાગ્યા. બીજા બધામાં હોય છે તેમ આ લોકોમાં પણ ઝઘડા, કજિયા હતા. દેવાંને લગતી તકરાર, વરવહુના ઝઘડા – આવા નજીવા વિવાદ વધુ હતા. એના ઉકેલ માટે આ લોકો ક્યાં જાય? એ દિવસોમાં હેમલકસામાં એક કૉન્સ્ટેબલ નિમાયેલો હતો. પણ ટંટો એની પાસે લઈ જાઓ તો ફરિયાદ દાખલ કરવાના એ પૈસા લે. વળી, ફરિયાદ દાખલ કરે તોપણ કોર્ટ દોઢસો માઈલ પર, આ લોકો જાય અને આવે શી રીતે? ખરચ ક્યાંથી કાઢે? એમાંથી વિખવાદનો નિવેડો અંદર અંદર જ લાવવાની પદ્ધતિ આ લોકોમાં વધી. કેટલાંક ગામોની પંચાયતો હતી. એ પણ નિર્ણયો આપતી. પણ 'ડૉક્ટર સા'બ' પર એટલે કે મારા પર એમનો વિશ્વાસ બેઠો હતો. આ માણસ યોગ્ય હશે તે જ

કરશે, અને બીજું કંઈ નહીં હોય તોય કનડશે નહીં, એવું આ સાદાભોળા લોકોને લાગતું હતું. ગામની અંદરનો કૉન્સ્ટેબલ નાનકડી વાત માટેય પૈસા લેતો. કોઈ માણસનું અકસ્માતમાં મોત થયું હોય તો 'આ ખૂન નહીં હોય એવું શા પરથી કહી શકાય? આ મૃતદેહને પોસ્ટમૉર્ટમ માટે લઈ આવો' એવું એ કહેતો. પોસ્ટમૉર્ટમ માટે ૮૦ કિલોમીટર પર જવું પડતું. આટલે દૂર બળદગાડામાં શી રીતે જવાય? પછી માણસ હાથ જોડવા લાગે એટલે કૉન્સ્ટેબલ 'હજાર રૂપિયા કાઢો' એમ કહેતો. આ ગરીબ લોકો આટલો પૈસો ક્યાંથી લાવે? એ ડરી જતા. પછી એ મારી પાસે આવતા. હું હસ્તક્ષેપ કરું એટલે કૉન્સ્ટેબલ માની જતો. આમ કરતાં કરતાં ધીમે ધીમે બીજા વિખવાદ પણ મારી પાસે આવવા લાગ્યા.

કોર્ટનું તંત્ર ઘણો સમય અને પૈસો માગી લેનારું. એટલે નાના ઝઘડાનો નિવેડો ગામમાં ને ગામમાં સમજદારીથી લાવી શકાય તેવી કોશિશ મેં શરૂ કરી. ૧૯૭૫-૭૬થી આ પ્રયત્ન શરૂ થયો. તેને કારણે લોકોને પણ સધિયારો મળ્યો. ક્યાંય-ક્યાંયથી લોકો આવવા લાગ્યા. જોકે જમીનના ઝઘડા, ફોજદારી દાવા, જેવી બાબતોમાં હું પડ્યો નહીં, કારણ કે ન્યાયનિવેડો કરવો એ મારું કામ નહીં. પણ ઘણી વખત નાની વાતોમાંની તિરાડ પૂરી દેવામાં ન આવે તો તેમાંથી મોટા પ્રશ્નો ઊભા થાય છે. એટલા માટે આવા નાના પ્રશ્નોમાં હું ધ્યાન આપવા લાગ્યો.

પ્રશ્નો ઉકેલવાની મારી પદ્ધતિ કેવી છે, ખબર છે? ગામની પંચાયત સામે ઝઘડાનો ઉકેલ ન આવે તો બંને પક્ષો મારી પાસે આવે છે. અમારા આંગણામાં બેઠક થાય છે બને ત્યાં સુધી પંચાયતના લોકોની અથવા ગામના અનુભવી લોકોની સામેલગીરી હોય એવો પ્રયત્ન હું કરું છું, બંને પક્ષોને સાંભળ્યા પછી એમની જ પરંપરા મુજબ તેમના જ રિવાજ મુજબ ઝઘડો પતાવવામાં આવે છે. જેની ભૂલ સાબિત થાય તેણે દસ-વીસ રૂપિયા દંડ ભરવાનો અથવા સામા પક્ષને ચીજવસ્તુના સ્વરૂપમાં કંઈક આપવાનું. કેટલીક રકમ પંચને પણ આપવાની. અમારી આ પદ્ધતિનું આગળ ઉપર 'લોકઅદાલત' એવું નામ પડ્યું.

નિવેડા માટે મારે ત્યાં આવતાં પહેલાં માડિયાઓને બે નિયમ પાળવા પડતા. એક તો દારૂ પીને આવવાનું નહીં, અને બીજી વાત એટલે પંચને કેટલા ને કેવી રીતે પૈસા આપવા એ એમણે એમની રી તે નક્કી કરવાનું, એમાં હું પડું નહીં.

કોઈ કોઈ વાર લગ્ન પછી, વર પસંદ ન પડવાને કારણે છોકરી બીજા પુરુષને ત્યાં ચાલી જાય છે. આદિવાસીઓમાં લગ્ન વખતે છોકરાના મા-બાપે છોકરીના કુટુંબીઓના પૈસા આપવાની પ્રથાછે. એ મુજબ પહેલા વરનાં મા-બાપે પૈસા આપેલા હોય. પણ છોકરી ઘર છોડીને જાય એટલે એમના પૈસા પણ જતા અને આબરૂ પણ જતી. પછી બંને પક્ષનાં મા-બાપ, છોકરો-છોકરી આવતાં. એ કહે છે, 'લગ્ન પછી એ ભાગી ગઈ, એટલે અમને નુકસાન થયું. એને પાછી આવવાનું કહો.' છોકરીને પાછી જવું હોય તો વાત અલગ છે, નહીં તો એ કહે છે, 'ગમે તે થાય પણ હું પાછી જવાની નથી. વર મને સારી રીતે રાખતો નથી. મને તે પસંદ નથી અને મારે તો બીજા સાથે જ રહેવું છે.' એ જતી ન હોય તો એના બીજા વરે પહેલા વરને વહુ પર થયેલું ખર્ચ આપવાનું અને ઉપરાંત આબરૂ ગઈ એટલા માટે બીજા સો-દોઢસો રૂપિયા આપવાના. આવી રીતે આ પ્રકરણનો નિવેડો લાવવામાં આવે છે. આ બેઠક પછી, પહેલાં લગ્ન ફોક થયાં અને બીજાં થયાં, એમ સમજવામાં આવે છે.

એક વખત એક ગામમાં સાપનો ખેલ કરનાર માણસ એના બાળક સાથે આવ્યો. એ જે ઘરમાં રોકાયો તે ઘરમાંથી જ તેણે ૫૦૦ રૂપિયા ચોર્યા. આદિવાસીઓનાં ઘર વાંસનાં, એને બારણાં હોતાં નથી. પૈસા મૂકવા માટે પેટી જેવું કંઈ નહીં. ઘરના મોભ પર પૈસા મૂકતાં પેલો માણસ જોઈ ગયો, અને પછી તેણે પૈસા ચોર્યા. જેના પૈસા ચોરાઈ ગયા હતા તેનો છોકરો આ ચોરી જોઈ ગયો અને તેણે બૂમાબૂમ કરી. આસપાસના લોકોએ એને પકડ્યો. પણ એ ચોરી કબૂલતો ન હતો. એનો બધો

સામાન તપાસ્યો પણ પૈસા મળ્યા નહીં. બહારનું બીજું કોઈ તો ઘરમાં આવ્યું ન હતું. એટલે એણે જ પૈસા ચોર્યા એવી બધાને ખાતરી હતી, પણ પુરાવો મળતો ન હતો. પ્રકરણ મારી પાસે આવ્યું. મેં એ માણસને લઈને આવવાનું કહ્યું. એ પણ ઘણો રીઢો હતો. 'મને શેનો ડર?' ચહેરા પર આવા ભાવ સાથે રોફભેર આવ્યો. બધી પૂછપરછ કર્યા પછી મને પણ લગભગ ખાતરી થઈ કે એણે જ પૈસા ચોર્યા છે અને ક્યાંક છૂપાવ્યા છે. પણ જ્યાં સુધી, છૂપાવેલા પૈસા મળે નહીં ત્યાં સુધી કશું જ કરી શકાય એમ ન હતું. એ ગાંઠતો નથી એ ધ્યાનમાં આવ્યા પછી હું એના આઠ-દસ વર્ષના છોકરા તરફ વળ્યો, અને એને પૂછ્યું, એણેપણ 'ખબર નહીં.' એમ કહ્યા પછી મેં એકદમ તેનો હાથ મચડ્યો એ વખતે એક બાજુ મન ડંખતું હતું કે આપણે કંઈ ખોટું તો નથી કરતા ને? પણ હાથ દુખવા લાગ્યો એટલે એ છોકરાએ તરત જ પૈસા ક્યાં છે તે કહી દીધું. એ માણસે પાનસોપારી રાખવાના વાટવાની સિલાઈ ઉખાડીને તેમાં ચારસો-વીસ રૂપિયા મૂક્યા હતા. બાકીના ખરચી નાખ્યા હતા. પૈસા મળ્યા એટલે 'મને પોલીસને ના સોંપશો' એમ એ માણસ કાકલૂદી કરવા લાગ્યો. એ ફરીથી આવું નહીં કરે અને અહીં પાછો નહીં આવે એવી શરત પર એને છોડ્યો. સજા તરીકે એના બે સાપ જપ્ત કરીને અમારે ત્યાંના સર્પાલયમાં મૂક્યા. આ બનાવ બધાની સામે જ બન્યો. એને કારણે વળી કેટલાક વધુ લોકો આવતા થયા.

એક વખત બહારના ત્રણ માણસો કંઈક વેચવા માટે આવ્યા હતા. એમણે એક જણના પૈસા ચોર્યા. જેના પૈસા ગયા એને ખાતરી હતી કે પેલા ત્રણ જણે પૈસા ચોર્યા છે, પણ એ ત્રણ કબૂલતા ન હતા. પછી બધા મારી પાસે આવ્યા. મેં સહુ પહેલા આ ત્રણમાંથી એક જણને બાજુ પર લઈ જઈને સાચું શું છે તે કઢાવી લેવાની ઘણી કોશિશ કરી, પણ એ કબૂલતો ન હતો. પછી તેનો કેડો મૂકી દીધો અને બીજા બંનેને બોલાવ્યા. એમને મેં સીધું જ પૂછ્યું કે પેલાએ ચોરેલા પૈસા એણે તમને ક્યાં રાખવા માટે આપ્યા છે? આવું અચાનક પુછાતાં એ બંનેને લાગ્યું કે પહેલાએ ચોરી કબૂલ કરી લીધી છે. એટલે એમણે તરત જ પૈસા કાઢી આપ્યા. એક નાનકડી યુક્તિથી પ્રશ્ન ઊકલી ગયો.

એક વાર એક પોલીસે એક ગામની સ્ત્રી પર બળાત્કાર કર્યો. એ ખબર પડતાં ગામના પાંચ-છ છોકરાઓએ પોલીસને પુષ્કળ માર્યો. બાંધી પણ રાખ્યો. એણે રિવોલ્વર તાકી એટલે છોકરાઓએ એ પણ આંચકી લીધી. પછી એમને ખ્યાલ આવ્યો કે આમ હથિયાર આંચકી લીધું હોવાની બીજા પોલીસને ખબર પડે તો આપણું આવી બનશે. પછી તે લોકો રાત્રે મારી પાસે આવ્યા. ખરેખર તો મનેય કશું સૂઝતું ન હતું, પણ મેં રિવૉલ્વર મારી પાસે રાખી લીધી. ત્યાં પેલા પોલીસને ખબર પડતાં એને ચહેરો પડી ગયો. 'ડૉક્ટરસાહેબ પાસે શા માટે ગયા? આપણે અંદરોઅંદર પતાવી દીધું હોત...' વગેરે બોલવા લાગ્યો. પછી એ છોકરાઓએ એને છોડી દીધો એટલે તે ડ્યૂટી પર ગયો અને તેણે રિવૉલ્વર ચોરાઈ ગઈ એમ જણાવ્યું. એણે પોતે બળાત્કારનો જે ગુનો કર્યો હતો તે વિશે તે કશું કહે તો ન હતો. પણ છતાં સાચી વાતની ખબર તો બધાને પડી જ. પછી એક પોલીસ અધિકારી એ પિસ્તોલ પાછી લઈ જવા માટે મારી પાસે આવ્યા. પેલી સ્ત્રીની કોઈ જ ફરિયાદ નથી, એવું તે વારંવાર કહેવા લાગ્યા. વાડે જ ચીભડાં ગળ્યાં પછી એ સ્ત્રી ફરિયાદ કરે પણ કોને? અને ફરિયાદ કરે તોય કેસ ઊભો રહેશે. સજા થશે, એની શી ખાતરી?

મેં એ અધિકારીને કહ્યું, 'પિસ્તોલ હું પાછી આપું છું, પણ જે છોકરાઓએ એ પોલીસને મારીને એની પાસેથી પિસ્તોલ લઈ લીધી એમને તમે પછી કોઈ રીતે હેરાન નહીં કરો એવું વચન આપો, કારણ કે આ પ્રકરણમાં ખરેખર તો એ છોકરાઓની કોઈ ભૂલ જ નથી.' એ અધિકારીએ કહ્યું : 'હું તમને વચન આપું છું. લખાણમાં પણ આપું?' મારો સ્વભાવ લખાપટ્ટી કરતાં માણસ પર વિશ્વાસ રાખનારો છે. એટલે મેં એમની પાસેથી લખાણ જેવું કંઈ ન લીધું. પણ પછી કેટલાય દિવસ એ

છોકરાઓને કોઈ પરેશાની ન થાય એ અંગેની બહુ જ ચિંતા થતી રહી. પણ પેલા અધિકારીએ ખરેખર તેમનું વચન પાળ્યું. એ છોકરાઓને તેમણે હાથ ન અડાડ્યો.

એક વખત મારી પાસે બહુ જુદો જ કેસ આવ્યો. એક ગામના ત્રણ ભાઈઓની વાત હતી. ગામનો એક માણસ જાદુટોણાં કરે છે એવા આ ત્રણેયને વહેમ હતો. એ માણસને કારણે એમનાં બેત્રણ બાળકો ગુજરી ગયાં એવું એ લોકોને લાગતું હતું. બધી જ અંધશ્રદ્ધા. ભૂવાએ કહ્યું એટલે આ ત્રણેય જણે ભેગા થઈને પેલા જાદુટોણાંવાળાને પાઠ ભણાવવા માટે પુષ્કળ માર્યો. પછી એ જ એને બળદગાડામાં મૂકીને મારી પાસે સારવાર માટે લઈને આવતા હતા. રસ્તામાં એમને ખ્યાલ આવ્યો કે પેલો માણસ મરી ગયો છે. એમનો હેતુ એને મારી નાખવાનો ન હતો. પણ એક કોઈક ફટકો કોઈ નાજુક ભાગ પર વાગ્યો ને પેલો મરી ગયો. આટલું બધું થઈ ગયા પછી એ લોકો સલાહ લેવા મારી પાસે આવ્યા. જે બન્યું હતું તેનો મતલબ સાફ હતો. આ સીધો ખૂનનો જ ગુનો હતો. પણ ત્રણમાંથી કોના મારને કારણે પેલો મરી ગયો છે એ કહેવું મુશ્કેલ હતું. ત્રણેય રડવા જેવા થઈ ગયા. હવે આ વાત પોલીસમાં જશે અને આપણા પછી આપણાં કુટુંબનું શું થશે એવો એમને ડર હતો. મેં એમને સૂચવ્યું કે તમારા ત્રણમાંથી એક જણે આ બનાવની જવાબદારી લેવી અને બાકીના બેએ એના કુટુંબની. એ વાત એમને ગળે ઊતરી. પછી એક ભાઈએ જવાબદારી લઈને સજા ભોગવી. બાકીના બેએ એના પરિવારની સંભાળ રાખી. મેં એમને જે સૂચવ્યું હતું તેના કારણે કરેલા કૃત્યની સજા તો તેમને ભોગવવી પડી જ, પણ સાથે ત્રણ પરિવારો નોંધારા બનવાથી બચ્યા.

પણ ખૂનબૂનનો આવો કોઈક જ અનુભવ, બાકી મારી પાસે એકંદરે મામૂલી ઝઘડા આવે છે. હું બીજી એક વાતનું પણ ધ્યાન રાખું છું. એ વાત એ કે મારી પાસે બધા નિર્ણયો મોઢે થાય છે, કાગળપત્તરમાં કશું નહીં. બહુ બહુ તો અંગૂઠા લેવાના અને એ કાગળ પણ એમને જ આપી દેવાનો, કારણ કે પ્રશ્નનો ઉકેલ આવે એ મારા માટે મહત્ત્વનું હોય છે. હું કંઈ પોલીસ કે અદાલતનું કામ કરવાની દૃષ્ટિએ આ બધું કરતો હોતો નથી. અહીં બધી વાત વિશ્વાસથી થવી જોઈએ, એવો મારો ખ્યાલ હોય છે આમ તો એમનામાંય લખાપટ્ટીની રીત નથી જ. આ લોકો બહુ પ્રામાણિક છે. એટલે આપેલો બોલ પાળી જાણે છે. પહેલાં પણ એમની પંચાયતમાં કોઈક ઝઘડાનો નિવેડો આવે કે લાગતા-વળગતા લોકો ‘આ વાત ગામની બહાર જશે નહીં’ એવા સોગંદ લેતા અને એ પાળતા પણ ખરા. હવે બહારના લોકોમાંથી ફક્ત મને તેમણે તેમનામાં સામેલ કર્યો છે. દંડ નક્કી કરતી વખતે પણ મેં એમનામાંનાં મોટેરાંને પૂછવાનું રાખ્યું છે. હું એમને પૂછું છું કે આવી બાબતમાં તમે શું સલાહ આપો? અથવા તમે કેટલો દંડ લીધો હોત? એમનું સાંભળવાનું અને એમની સલાહથી જ નિર્ણય લેવાનો. ટૂંકમાં કહું તો મારી પરના એમના વિશ્વાસનો ઉપયોગ એમના જ કાયદાકાનૂનને આધારે કરવાનો. નિવેડા અંગે એમને અંદરોઅંદર કંઈક વિખવાદ થાય તોપણ ‘ડૉક્ટરસાહેબે કહ્યું છે ને, ઊઠો હવે’ એમ કહીને એ લોકો એ પ્રશ્ન ત્યાં પૂરો કરતા. મારી પર તેમને એટલો બધો વિશ્વાસ છે. કોઈને અચંબો થાય, પણ તે લોકો મારી પર એટલો બધો ભરોસો રાખે છે કે હું ગામમાં ન હોઉં તો હું પાછો આવું ત્યાં સુધી નિવેડો અટકાવી દે છે.

મારી પર લોકોને જે વિશ્વાસ છે. એ વિશ્વાસ લોકોને જ ઉપયોગી થાય તે માટે પચીસ વર્ષથી વધુ સમયથી હું આ કામગીરી કરું છું. આવાં બીજાં પણ કામ અમે કર્યાં. બહુ વર્ષો પહેલાં હું અને મંદા બાબાની સાથે નદીના સામા તીરે ગયાં હતાં. ત્યાંના ગામમાં એક લગ્ન હતાં. એ વખતે વીજળી હોવાનો પ્રશ્ન તો હતો જ નહીં. પણ ઘાસલેટ પણ ન હોવાને કારણે લગ્નમાં ટમટમતો દીવોય ન હતો. તાપણાના અજવાળે જ લગ્ન લેવાયાં. એ જોઈને અમને બહુ દુઃખ થયું. આ લોકોને જીવનજરૂરિયાતની લઘુતમ વસ્તુઓ તો મળવી જ જોઈએ એમ થતું રહ્યું. એ વખતે કેરોસીન, મીઠું એ ચીજો બહારના વેપારીઓ લાવીને વેચતા, પૈસાનો ઉપયોગ ઓછો હતો. ચીજવસ્તુને બદલે

ચીજવસ્તુ એવો વ્યવહાર રહેતો. મીઠું બહુ સસ્તી ચીજ ગણાય. પણ વેપારીઓ મીઠું આપીને તેને બદલે આદિવાસીઓ પાસેથી ડાંગર, ચોરાળી, મધ જેવી વસ્તુઓ પચાવી પાડતા. મીઠા જેવી વસ્તુ ટ્રક ભરી ભરીને લાવતા અને ટ્રક ભરી ભરીને મધ જેવો જંગલનો મેવો લઈ જતા. પણ આપણે છેતરાઈ રહ્યા છીએ એવું અહીંના લોકોને સમજાતું નહીં. પછી બાબાએ આમાં હસ્તક્ષેપ કરવાનું નક્કી કર્યું. એમણે આદિવાસીઓ માટે મીઠું સસ્તામાં લાવવાની શરૂઆત કરી. એ વખતે ૧૦૦ કિલો મીઠું ૧૬ રૂપિયામાં પડતું. એ મીઠું અમે એ જ કિંમતે આદિવાસીઓને આપતા. એ લેવા માટે લોકોનાં ધાડાં આવતાં. વેપારીઓએ આપેલા મીઠાની સરખામણીમાં આ મીઠું બહુ સસ્તું મળતું હોવાને કારણે લોકો બળદગાડાંમાં મીઠાની ગૂણો લઈ જવાની ગોઠવણ કરતા. આમ તો ખોરાકમાં મીઠું કેટલું જોઈએ? એટલે આટલા બધા મીઠાની કંઈ જરૂર નથી. એમ સમજાવતાં અમારા નાકે દમ આવતો. મીઠું. કેરોસીન અને અનાજ તેમ જ બિયારણની વહેંચણીનું કામ વિલાસ મનોહરે ચીવટથી ચાલુ રાખ્યું. આદિવાસીઓનું થતું શોષણ આ કામને કારણે ઘણે અંશે અટક્યું.

જેવું મીઠાનું તેવું જ કપડાનું. જ્યારે અહીંના આદિવાસીઓએ કપડાં પહેરવાની શરૂઆત કરી તે જ અરસામાં સરકારે ‘જનતા સાડી’ નામનો ઉપક્રમ શરૂ કર્યો હતો. એક સાડી ૧૬ રૂપિયાની પડતી. પણ બહારથી અહીં જે લોકો આવતાં તે એક સાડી ૨૫ રૂપિયામાં વેચતા. એમાંથી એમને ઘણો નફો થતો ને આદિવાસીઓને નુકસાન થતું. પછી મંદાએ નક્કી કર્યું કે આના કરતાં આપણે જ સાડીઓ લાવીને આ લોકોને શા માટે ન આપવી? બે-ચાર જણ માટે લાવવી એના કરતાં મોટા પ્રમાણમાં લાવીએ તે સારું પડે. પછી અમે૩૦૦-૪૦૦ સાડીઓ લાવતાં, અને જવા-આવવાનું ખર્ચ કાઢીને તે સાડીએ ‘નહીં નફો નહીં નુકસાન’ની રીતે વેચતાં. ટિંબરુનાં પાંદડાં એકઠાં કરવાનાં દિવસોમાં જ્યારે આ લોકોના હાથમાં ચાર પૈસા આવતા ત્યારે આ સાડીઓ લેવા માટે અમારે ત્યાં લોકોની ભીડ થતી. બપોરે જ્યારે દવાખાનામાં થોડી ઓછી ભીડ હોય ત્યારે મંદા જ આ કામ સંભાળતી. આગળ ઉપર સરકારે સાડીઓની આ યોજના બંધ કરી. સાડીઓની ખરીદી પર કોઈ મર્યાદા ન હોવાને કારણે જરૂરિયાતમંદ લોકોને બદલે વેપારીઓ જ આ સાડીઓ ખરીદતા. મહામંડળ પાસે સાડીઓની તંગી પડે એટલે વેપારીઓ પહેલા લીધેલો માલ ઊંચા ભાવે વેચતા. આ બાબત ધ્યાનમાં આવતા સરકારને આ યોજના બંધ કરવી પડી. હતી. ગરીબો માટેની યોજના ગરીબો સુધી પહોંચે તે માટે અમે અમારી રીતે ઉપાય શોધ્યો હતો. પણ સરકારે જ એ યોજના બંધ કરી નાખ્યા પછી અમે વળી શું કરીએ?

સરકારની ઘણી યોજનાઓમાં આમ થાય છે. જેમના માટે યોજનાઓ શરૂ કરવામાં આવી છે તેમને કાં તો આ યોજનાઓની માહિતી મળતી નથી, અથવા તેમના સુધી જે મદદ પહોંચે છે તે બહુ અપૂરતી હોય છે, કારણ કે એ મદદમાંથી મોટો હિસ્સો વચેટિયાઓએ જ હડપ કરેલો હોય છે. વચ્ચે એક વખત ‘કવેલૂ’ પ્રકારની ટાઇલ્સો માટે માથાદીઠ ૧૦૦૦ રૂપિયાની સહાય સરકારે જાહેર કરી હતી. કોઈ ગ્રામસેવકે ઘરે ઘરે જઈને આ અંગે કહ્યું, ફૉર્મ ભરાવ્યાં (એટલે એણે પોતે જ ભર્યાં), વ્યક્તિનો અંગૂઠો અને ક્યારેક કોઈની સહી લીધી. અને પૈસા મેળવવા માટે આને-તેને પૈસા આપવા પડ્યા એમ કહીને આદિવાસીઓના હાથમાં ૮૦૦ રૂપિયા પકડાવી દીધા. આવી વાત અમારા કાને પડતી હતી. પણ આવી કેટલી બાબતોના વિરોધમાં આપણે લડવાનું? સરકારને પૈસો ગરીબો સુધી આદિવાસીઓ સુધી પહોંચતો નથી એ વાત આ આખા સમયગાળામાં બિલકુલ સાફ દેખાતી રહી.

પૂનાની એક સંસ્થાનાં એક બહેન સરકારની કેટલીક યોજનાઓ છેક છેવાડાના માણસ સુધી પહોંચે છે કે નહીં એનું સર્વેક્ષણ કરતાં હતાં. એમના સર્વેક્ષણનાં તારણો આઘાતજનક હતાં. ખેડૂતને ફળનાં છોડનાં પચ્ચીસ રોપ આપવાની એક યોજના હતી. એ રોપ કેવી રીતે ઉગાડવાનાં, ક્યાં ખાતર નાખવાનું એની તાલીમ ત્રણ દિવસ આપવાની અને પછી એ રોપાની સંભાળનું પાંચ વર્ષનું

ખર્ચ આપવાનું. એટલે એક ખેડૂત દીઠ લગભગ ૫૦૦૦ રૂપિયાનું ખર્ચ થવાનું હતું. જ્યાં જ્યાં આ યોજનાઓનું અમલીકરણ થયું હતું તે બધાં ગામોમાં આ બહેન ગયાં. લાભાર્થીઓને રોપ મળ્યા હતા, એવું બતાવતો અંગૂઠો પણ કાગળ પર હતો. તાલીમ, તાલીમના સમય દરમિયાન ભોજન વગેરે બધું મળ્યું હતું. પણ સંભાળનાં ખર્ચ અંગે કોઈને જ કંઈ ખબર ન હતી. ટૂંકમાં રોપ અને તાલીમ પેટે ૪૦૦-૫૦૦ રૂપિયા ખરચીને બાકીના સાડા ચાર હજાર રૂપિયા બીજા જ કોઈએ પચાવી પાડ્યા હતા.

ઘણી યોજનાઓનું આવું જ થાય છે, કારણકે આખું સરકારી તંત્ર જ કોરી ખવાયેલું છે. વળી લોકો સજાગ નથી. સરકારનો પૈસો લોકો સુધી પહોંચાડવા માટે હસ્તક્ષેપ કરવો જોઈએ એવું હવે મને લાગવા માંડ્યું છે. જોકે આવા પ્રયત્નો અમે આજ સુધી કર્યા નથી એવું હવે મને લાગવા માંડ્યું છે. જોકે આવા પ્રયત્નો અમે આજ સુધી કર્યા નથી એવુંય નથી. એક દાખલો આપું. એક સમય એવો હતો કે જ્યારે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ અલ્પ બચતનાં પ્રમાણપત્રો હંમેશાં આદિવાસીઓને બઝાડી દેતા. અલબત્ત, પૈસા આપીનેય સર્ટિફિકેટ મળે જ એવુંય નહીં. મળે તો એ રાખવાનું ક્યાં એ પણ આદિવાસીઓ માટે પ્રશ્ન હતો. એટલે એક તે એ પ્રમાણપત્ર ખોવાઈ જતું અથવા તેને ઉધઈ ખાઈ જતી. આ બધામાંથી એ કાગળ બચે તો તેને પૈસા મેળવવા માટે તાલુકાના ગામે જવું પડતું ત્યાંનો પોસ્ટમાસ્ટર ઓળખાણ વિના પૈસા આપવાની ના પાડતો. તાલુકાના ગામે માડિયાઓને કોણ ઓળખે? પૈસા આપે તો ઓછા આપતો. વ્યાજ તો નહીં જ. આ વાતની ખબર પડી એટલે જગને પોતે પોસ્ટ ઑફિસમાં જઈને, લોકોની ઓળખાણ આપીને એમને પૈસા મેળવી આપવાની શરૂઆત કરી. પણ અમારા જેવા જૂજ કાર્યકર્તાઓ કેટલે ઠેકાણે પહોંચે? અમારા માટે શક્ય હોય ત્યાં અમે આદિવાસીઓને મદદ કરીએ છીએ. પણ આ બાબતમાં કરવા જેવું હજુ બહુ છે, એ પણ સાચું.

*['પ્રકાશની પગદંડીઓ', ૨૦૧૨-માંથી]*

## લેખક-સંપર્ક


રમણીક સોમેશ્વર, વડોદરા — ramnik.someshwar@gmail.com

હેમન્ત ધોરડા, મુંબઈ — yasmin.dhorda@gmail.com

સંજય ભાવે, અમદાવાદ — sanjaysbhave@yahoo.com




*By Katie Daisy*

# eBooksનો કિમતી ખજાનો - તમારી અંગત eLibrary માટે

આ ઇ-સામયિક 'સંચયન' ઉપરાંત 'એકત્ર'ની એક બીજી મહત્ત્વની પ્રવૃત્તિ છે વી-ગ્રંથો (eBooks )નું પ્રકાશન.

- આજ સુધીમાં તેનાં પચાસ જેટલાં પ્રકાશનો થયાં છે. બીજાં સતત થયે જાય છે.
- એનું વૈવિધ્ય સાહિત્યનાં અને વિચાર-ચિંતનનાં અનેક સ્વરૂપોની કૃતિઓમાં પ્રસરેલું છે.
- 'એકત્ર'ની eBook એટલે માત્ર મુદ્રિત (printed) પુસ્તકનું વી-રૂપાંતર (e-version) જ નહીં. આપ કોઇપણ eBook ખોલશો કે તરત એનું મૂળ આવરણ આવશે; એ પછી એના લેખકનો ફોટોગ્રાફ, એ પછી લેખકનો તથા તે પુસ્તકનો ટૂંકો પણ રસપ્રદ પરિચય. પછી તમે પ્રવેશ કરશો પુસ્તકમાં.....
- આ બધાં જ પુસ્તકો, ઘણું ખર્ચ કરીને 'એકત્ર' તૈયાર કરે છે પણ આપ સૌ વાચકોને એ સપ્રેમ વિનામૂલ્યે આપે છે. ગુજરાતી સાહિત્ય અને ભાષા બધે આનંદપૂર્વક પ્રસાર પામે એવું અમારું મિશન છે. આ પુસ્તકો અંગે આપનો પ્રતિભાવ આવકાર્ય છે.
- આ બધાં જ પુસ્તકો www.ekatrafoundation.org પર તમે જોઈ શકશો, પસંદ કરીને વાંચી શકશો. તેમ છતાં આ રહી અમે તૈયાર કરેલાં નોંધપાત્ર પુસ્તકોની યાદી:

અરધી સદીની વાચનયાત્રા - 1-4 – સં. મહેન્દ્ર મેઘાણી
ખરા બપોર – જયંત ખત્રી
અશ્રુઘર – રાવજી પટેલ
અમૃતા – રઘુવીર ચૌધરી
જનાન્તિકે – સુરેશ જોશી
વિદિશા – ભોળાભાઈ પટેલ
ગિજુભાઈની બાળવાર્તાઓ – ગિજુભાઈ બધેકા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ – નારાયણ દેસાઈ
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ભજનાંજલિ – કાકા કાલેલકર
ભવનું ભાતું – સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી – મનુભાઈ પંચોળી
અપરાજિતા – પ્રીતિ સેનગુપ્તા
ગાંધીજીની જીવનયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
ગીતામંથન – કિશોરલાલ મશરૂવાળા
ખાંભીઓ જુહારું છું – ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું – મનુભાઈ પંચોળી
તિબેટના ભીતરમાં – સં. મહેન્દ્ર મેઘાણી
ભારેલો અગ્નિ – રમણલાલ વ. દેસાઈ
શું શું સાથે લઈ જઈશ હું ? – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – મોહનદાસ ગાંધી
મારા ગાંધીબાપુ – ઉમાશંકર જોશી
રખડુ ટોળી – ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ – નગીનદાસ પારેખ
બાપુની છબી – કાકા કાલેલકર
ત્યારે કરીશું શું ? – લિયો ટોલ્સટોય
હિંદ સ્વરાજ – મોહનદાસ ગાંધી
હાસ્ય-માળાનાં મોતી – સં. મહેન્દ્ર મેઘાણી
જીવનનું પરોઢ – પ્રભુદાસ ગાંધી
સાત વિચારયાત્રા – સં. મહેન્દ્ર મેઘાણી
સર્વોદય – સં. મહેન્દ્ર મેઘાણી
વાચનયાત્રાનો પ્રસાદ – સં. મહેન્દ્ર મેઘાણી
મોરનાં ઈંડા – કૃષ્ણલાલ શ્રીધરાણી
પદ્મિની – કૃષ્ણલાલ શ્રીધરાણી
જેલ ઓફિસની બારી – ઝવેરચંદ મેઘાણી
દિવ્યચક્ષુ – રમણલાલ વ. દેસાઈ
કુરબાનીની કથાઓ – ઝવેરચંદ મેઘાણી
મારી હકીકત – નર્મદ
બારી બહાર – પ્રહલાદ પારેખ

વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર મુખપૃષ્ઠ(cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

‘એકત્ર’ના સર્વ વી-ગ્રંથોમાં આ સર્જક-કૃતિ પરિચયો ‘સંચયન’ના સંપાદક રમણ સોનીએ લખેલા છે.

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

www.ekatrafoundation.org/books

## લેખક-પરિચય - પ્રહ્લાદ જેઠાલાલ પારેખ

(જ.૨૨, ઑક્ટોબર ૧૯૧૧ – અવ. ૨, જાન્યુઆરી ૧૯૬૨)

ગાંધી-વિચાર-સંવેદના ધરાવતી દક્ષિણામૂર્તિ શાળા (ભાવનગર)માં અભ્યાસ કરીને પછી ૧૯૩૦ની આઝાદીની ચળવળમાં ભાગ લઈ જેલવાસ પણ કરનાર પ્રહ્લાદ પારેખની કવિતામાં ગાંધી-પ્રેરિત માનવ-કરુણા તો છે જ, પરંતુ એમની કવિતા સમાજ-અભિમુખ રહેવાને બદલે સૌંદર્ય-અભિમુખ બને છે –એ એનો વિશેષ છે. એમની ૨૨ની વયે ચાર વરસ એ શાંતિનિકેતનમાં, રવીન્દ્રનાથના સાન્નિધ્યમાં રહે છે, એ એમની કવિતાની દિશા બદલવામાં નિર્ણાયક બને છે. ત્યાંથી આવીને એ જીવનભર શિક્ષક રહે છે –પહેલાં ભાવનગરમાં પછી ઘણો વખત મુંબઈમાં. ત્યાં જ ૫૦ની વયે એમનું અવસાન. એમનો મહત્ત્વનો કાવ્યસંગ્રહ ‘બારી બહાર’. એ ઉપરાંત એમણે ‘સરવાણી’ નામે ગીતસંગ્રહ આપ્યો. બાળકો માટે કાવ્યો અને વાર્તાઓ લખ્યાં (જે અપ્રગટ છે.) એ ઉપરાંત એમણે ભાઈબહેનના શૈશવનું નિરૂપણ કરતી એક સળંગ ગદ્યકથા પણ પ્રકાશિત કરેલી.

## કૃતિ-પરિચય - બારી બહાર

બારી બહાર (૧૯૪૦)ની કાવ્યરચનાઓ ગુજરાતી કવિતાને એક નવો વળાંક આપે છે. ગાંધીયુગીન કવિતાના સામાજિક વાસ્તવમાંથી, ઇન્દ્રીયાનુભવોના આંતર-વિશ્વમાં સરકતી આ કવિની કવિતા માનવ-સંવેદનાનો ઝીણો તાર રણકાવતી, હૃદયના નાજુક ભાવોને મધુર છંદ-લયથી વ્યક્ત કરતી રહે છે. એ કાવ્યરચનાઓ પ્રેમ, પ્રકૃતિ અને સંવેદન-પ્રેરક વિષયોને ગીતો દ્વારા, સંસ્કૃત છંદોમાં તેમજ માત્રામેળી લયોમાં નિરૂપણ પામી છે. ‘બારી બહાર’, ‘આજ અંધાર...’,‘જૂઈ’, ‘વાતો’, ‘વિદાય’,‘ઘાસ અને હું’ એમનાં ખૂબ જ જાણીતાં થયેલાં કાવ્યો છે. ‘બારી બહાર’ની અનેક આવૃત્તિઓ થઈ છે એ પણ આ કાવ્યોની મહત્તા બતાવે છે.

તો, એ સંવેદન-રંગો અને સૂરોના કવિતા-પ્રવાહમાં પ્રવેશીએ...

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## 2013-2014 Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

## 2015 Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 1,000 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**